રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Year : 16 | Issue : 263 | Dt. 3-11-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

ભારત સાથે વેપાર બંધ રહેવાથી પાકિસ્તાનને ઝટકો

૪૦ અબજ ડોલરનું અધધ નુકસાન : વર્ષ ૨૦૧૯ ના પુલવામા આતંકવાદી હુમલા બાદ સરહદ પારનો વેપાર ઠપ્પ, પાકિસ્તાન બિઝનેસ કાઉન્સિલનો ચોંકાવનારો દાવો

નવી દિલ્હી, તા.૨

વર્ષ ૨૦૧૯ માં જમ્મુ-કાશ્મીરના પુલવામામાં થયેલા ઘાતકી આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચેના રાજદ્વારી અને વેપારી સંબંધો સાવ તળિયે પહોંચી ગયા હતા. ભારતે કડક વલણ અપનાવતા પાકિસ્તાન સાથેનો તમામ સરહદ પારનો વેપાર બંધ કરી દીધો હતો. પાંચ વર્ષથી વેપાર બંધ રહેવાને કારણે પાકિસ્તાનની પહેલેથી જ ડચકા ખાતી અર્થવ્યવસ્થાને ખૂબ મોટો ફટકો પડ્યો છે.

પાકિસ્તાન બિઝનેસ કાઉન્સિલ (PBC) દ્વારા હાલમાં જ એક ચોંકાવનારો દાવો કરવામાં આવ્યો છે. એક બિઝનેસ એડવોકેસી ગ્રુપના વડા અને પાક-ભારત બિઝનેસ કાઉન્સિલના ચેરમેન નૂર મુહમ્મદ કસૂરીએ સોમવારે જણાવ્યું હતું કે, ભારત સાથે વેપાર બંધ થવાથી પાકિસ્તાનને અત્યાર સુધીમાં અંદાજિત ૪૦ અબજ ડોલરનું (આશરે ૩.૩ લાખ કરોડ રૂપિયાથી વધુ) જંગી આર્થિક નુકસાન વેઠવું પડ્યું છે. કસૂરીએ બંને પડોશી દેશોની સરકારોને અપીલ કરી હતી કે તેઓ પોતાના મતભેદો ભૂલીને વેપાર સંબંધો



AI IMAGE

પુનઃસ્થાપિત કરે, જેથી બંને બાજુના ઉદ્યોગોને લાભ થઈ શકે અને રોકાણ, પ્રવાસન તથા પ્રાદેશિક સહયોગની નવી તકો ઉભી થાય.

એક સત્તાવાર નિવેદનમાં કસૂરીએ સ્પષ્ટ કર્યું કે ભારત સાથેનો વેપાર બંધ થવાને કારણે પાકિસ્તાનના સ્થાનિક ઉદ્યોગોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. અગાઉ ભારતમાંથી સરળતાથી અને સસ્તા દરે મળી રહેતો કાચો માલ અને અન્ય જરૂરી માલ-સામાન હવે પાકિસ્તાને દૂરના દેશોના બજારોમાંથી ખરીદવો પડે છે. આનાથી માત્ર પરિવહન અને શિપિંગના ખર્ચમાં જ તોતિંગ વધારો નથી થયો, પરંતુ માલની ડિલિવરી મળવામાં પણ ઘણો વધુ સમય લાગી રહ્યો છે, જેની સીધી અસર ઉત્પાદન ખર્ચ અને બજારમાં ચીજવસ્તુઓના ભાવો પર પડી રહી છે.

ભારતમાંથી આવતા કાચા માલ વિના પાકિસ્તાનના ઉદ્યોગો સંકટમાં

દવા ઉદ્યોગ પાયમાલીના આરે કાચા માલની આયાત બંધ થવાથી પાકિસ્તાનના ફાર્માસ્યુટિકલ (દવા) ઉદ્યોગને સૌથી મોટો ફટકો પડ્યો છે. કસૂરીએ વિશેષરૂપે જણાવ્યું કે પાકિસ્તાનનો દવા ઉદ્યોગ મોટેભાગે ભારતમાંથી આવતા એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઇન્ગ્રેડિએન્ટ્સ (API) અને અન્ય કાચા માલ પર નિર્ભર હતો. હવે આ કાચો માલ યુરોપ કે અન્ય દેશોમાંથી ઊંચા ભાવે આયાત કરવો પડે છે, જેનાથી પાકિસ્તાનમાં જીવનરક્ષક દવાઓ પણ ખૂબ મોંઘી થઈ ગઈ છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે જો પડોશી દેશ ભારતમાંથી ફરી આયાત શરૂ થઈ જાય અને વેપાર સંબંધો સામાન્ય થાય, તો પાકિસ્તાનને વાર્ષિક બે અબજથી ત્રણ અબજ ડોલરની માતબર બચત થઈ શકે છે, જે હાલની કપરી આર્થિક સ્થિતિમાં દેશ માટે અત્યંત જરૂરી છે.

ટ્રમ્પના દબાણને ફગાવી....

યુક્રેનનો રશિયા પર હુમલો

રિફાઇનરીઓ ભડકે બળી, મિડ-ટર્મ ચૂંટણી પહેલાં તણાવ

નવી દિલ્હી, તા.૨

અમેરિકાની મિડટર્મ ચૂંટણીઓ અગાઉ યુક્રેને રશિયાની ઓઇલ રિફાઇનરીઓ પર ફરીથી ડ્રોન હુમલા શરૂ કરી દીધા છે. રશિયન મીડિયા રિપોર્ટ્સ મુજબ, યુક્રેને નિઝની નોવગોરોડની 'કસ્ટોવો રિફાઇનરી' અને સમારાની 'રોસ્નેફ્ટ રિફાઇનરી'ને નિશાન બનાવીને આગ ચાંપી દીધી હતી. આ હુમલાઓથી નારાજ ક્રેમલિને આક્ષેપ કર્યો છે કે કિયેવ (યુક્રેન) હવે અમેરિકાની સૂચનાઓ અને વિનંતીઓને સંપૂર્ણપણે નજરઅંદાજ કરી રહ્યું છે.

અગાઉ અહેવાલો આવ્યા હતા કે યુક્રેન અમેરિકાના દબાણ સામે ઝૂકી ગયું છે અને રશિયન ઓઇલ રિફાઇનરીઓ પર હુમલા રોકવા સંમત થયું છે. જોકે, યુક્રેનના અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે તેમણે જે રેડ કુશ્નર(ડોનાલ્ડ ટ્રમ્પના જમાઈ)ની ૩૦ દિવસ માટે હુમલા રોકવાની માંગણી ક્યારેય સ્વીકારી નહોતી. અમેરિકન પ્રમુખ ટ્રમ્પે વૈશ્વિક બળતણના ભાવ વધારા માટે યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીને જવાબદાર ઠેરવ્યા હતા અને ગયા મહિને રશિયન ડીઝલ પરના પ્રતિબંધો પણ હટાવી લીધા હતા.



યુક્રેન પ્રમુખ ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે, 'રશિયા દ્વારા યુક્રેનના શહેરી ઊર્જા મથકો પર થઈ રહેલા સતત મિસાઇલ અને ડ્રોન હુમલાઓનો જવાબ આપવો જરૂરી હતો. ઓક્ટોબર મહિનામાં રશિયાએ રેકોર્ડ ૫૪,૪૦૦ સૈનિકો (મૃત અને ઘવાયેલા) ગુમાવ્યા છે, જે યુદ્ધની શરૂઆતથી અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો છે. વધુમાં, ગયા મહિને યુક્રેને રશિયાના કબજામાંથી ૯૬.૨ ચોરસ કિલોમીટર જમીન પાછી મેળવી છે.

રશિયાના કબજાવાળા ઓલેશ્કી શહેરમાં અમેરિકાના ફર્સ્ટ લેડી મિલેનિયા ટ્રમ્પની મધ્યસ્થતાથી થયેલો ૬ દિવસનો યુદ્ધવિરામ રવિવારે રાત્રે પૂરો થયો છે. આ દરમિયાન સેંકડો નાગરિકો સુરક્ષિત રીતે પોતાના પરિવારને મળી શક્યા અને બંને પક્ષે તેને સફળ ગણાવ્યો. જોકે, યુક્રેનના નિરીક્ષકોનું માનવું છે કે રશિયાએ આ સમયનો ઉપયોગ પોતાના થાકેલા સૈનિકોને બદલવા અને મોરચો મજબૂત કરવા માટે કર્યો હતો.

આ જ અઠવાડિયે રશિયા, યુક્રેન અને અમેરિકા વચ્ચે ત્રિપક્ષીય વાટાઘાટો થવાની શક્યતા છે. ક્રેમલિને જણાવ્યું છે કે, 'વ્લાદિમીર પુતિન ઝેલેન્સ્કી સાથે સીધી ફોન પર વાત કરવા તૈયાર છે, પરંતુ તેમાં યુરોપિયન નેતાઓને સામેલ કરવામાં નહીં આવે. દરમિયાન, યુદ્ધવિરામ પૂરો થતાં જ બંને દેશોમાં સાયબર હુમલાની ઘટનાઓ સામે આવી હતી, જેમાં યુક્રેનમાં રેડિયેશન ઍલર્ટની ખોટી માહિતી વાઇરલ થઈ હતી અને રશિયાની ઇમરજન્સી એપ પણ હેક થઈ હોવાનો દાવો કરાયો હતો.'

રાજસ્થાનના છાપોલી ગામમાં ગોઝારો અકસ્માત

હાઈટેન્શન લાઈન અડતાં ૮ શ્રમિકોના મોત

ડામર માર્ગના નિર્માણ સમયે કાંકરી મિક્સર મશીન ૧૧ હજાર વોલ્ટની વીજ લાઈનને અડી ગયું : અકસ્માતમાં અન્ય ૩ મજૂરો ગંભીર રીતે દાઝ્યા, હોસ્પિટલમાં સારવાર હેઠળ



નવી દિલ્હી, તા.૨

રાજસ્થાનના પૂર્વીય જિલ્લામાંથી એક અત્યંત હૃદયદ્રાવક અને કંપારી છૂટી જાય તેવી ઘટના સામે આવી છે. છાપોલી ગામમાં કદમ કુંડ તરફ જતા નવા ડામર માર્ગનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું હતું, ત્યારે એક મોટો અકસ્માત સર્જાયો હતો. માર્ગ બનાવવા માટે વપરાતું કાંકરી અને સિમેન્ટ ભેળવવાનું મોટું મશીન ઉપરથી પસાર થતી ૧૧ હજાર વોલ્ટની હાઈટેન્શન વીજ લાઇનના સંપર્કમાં આવી જતા, મશીનમાં પ્રચંડ વિદ્યુતપ્રવાહ ફરી વળ્યો હતો. આ ગોઝારી ઘટનામાં કામ કરી રહેલા ૮ શ્રમિકોના સ્થળ પર જ દર્દનાક મોત નીપજ્યા છે, જ્યારે અન્ય ૩ શ્રમિકો ગંભીર રીતે ઘાયલ થયા છે.

સોમવારે સવારે મજૂરોની ટીમ સાધનો સાથે કામે વળગી હતી. રોજિંદા જીવન નિર્વાહ માટે શ્રમિકો પોતાના કામમાં વ્યસ્ત હતા, તે જ સમયે મશીનરીનું સંચાલન કરતી વખતે તેનો ઉપલો ભાગ ૧૧ હજાર વોલ્ટની જોખમી વીજ લાઈન સાથે અડી ગયો હતો. વાયર અડતાની સાથે જ ધડાકા સાથે સમગ્ર લોખંડના મશીનમાં પ્રચંડ કરંટ પ્રસરી ગયો હતો. મશીનને પકડીને ઉભેલા અને આસપાસ કામ કરતા શ્રમિકો તેની સીધી ઝપેટમાં આવી ગયા હતા. અકસ્માત એટલો અચાનક અને ભયાનક હતો કે કોઈને બચવાનો લેશમાત્ર સમય મળ્યો નહોતો અને ક્ષણભરમાં જ ૮ શ્રમિકોના પ્રાણપંખેરુ ઉડી ગયા હતા.

ચીસાચીસ અને હોબાળો મચી જતા સ્થાનિક લોકો દોડી આવ્યા હતા અને લાકડી તેમજ અન્ય સાધનોની મદદથી ઘાયલોને મશીનથી અલગ કર્યા હતા. અત્યંત દાઝી ગયેલા અને ગંભીર રીતે ઘવાયેલા ૩ મજૂરોને તાત્કાલિક સ્થાનિક વાહનો દ્વારા નજીકની હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા, જ્યાં તેમની સ્થિતિ નાજુક જણાવાઈ રહી છે. આ ગોઝારી ઘટનાના સમાચાર મળતા જ છાપોલી અને આજુબાજુના ગામોમાંથી સેંકડો ગ્રામજનો ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા અને સમગ્ર પંથકમાં ઘેરા શોકની લાગણી વ્યાપી ગઈ છે.

આ ગંભીર બનાવ બાદ નિર્માણ એજન્સી અને સ્થાનિક તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઉભા થયા છે. ભારે વીજ લાઇન નીચે કામ શરૂ કરતાં પહેલાં વીજ પુરવઠો બંધ કરાવવામાં આવ્યો હતો કે કેમ? મશીનરી ચલાવતા પહેલાં વીજ લાઈનની ઊંચાઈ માપવામાં આવી હતી કે કેમ? અને સુરક્ષાના સાધનો વગર મજૂરો પાસે જોખમી કામ કેમ કરાવવામાં આવી રહ્યું હતું? તેવા પ્રશ્નો ઉઠી રહ્યા છે. આ સમગ્ર મામલે ઊંડી તપાસ કરીને જવાબદાર લોકો સામે કડક કાનૂની પગલાં ભરવાની ઉગ્ર માંગ ઉઠી રહી છે.

વડાપ્રધાનને ડીબેટ કરવા રાહુલની ચેલેન્જ

વિદેશી મદદથી વડાપ્રધાન બન્યા અને વિદેશી મદદના આધારે જ પદ પર ટકી રહ્યા



નવી દિલ્હી, તા.૨

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જાહેરમાં ચર્ચા કરવાનો પડકાર ફેંકતા એવો ગંભીર આરોપ લગાવ્યો છે કે, મોદી વિદેશી મદદથી વડાપ્રધાન બન્યા છે અને વિદેશી મદદના આધારે જ પદ પર ટકી રહ્યા છે.

રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરીને લખ્યું છે કે, 'મોદીજી, આ દેશ સાથે જૂઠું બોલવાનું બંધ કરો. તમે વિદેશી મદદથી પીએમ બન્યા છો અને વિદેશી મદદથી જ પીએમ બનેલા છો. તમારી આર્થિક વ્યવસ્થા સંપૂર્ણપણે વિદેશીઓના નિયંત્રણ અને સમર્થન પર ચાલે છે. વિદેશી સોશિયલ મીડિયા પણ સંપૂર્ણ રીતે તમારી સાથે ઊભું છે.' પોતાની વાત આગળ વધારતા રાહુલે વડાપ્રધાન મોદીને સીધો પડકાર ફેંકતા કહ્યું કે, 'હું તમને આ મુદ્દે ખુલ્લી ચર્ચા માટે પડકાર આપું છું. કોઈપણ મંચ અને કોઈપણ સમય નક્કી કરી લો, જો હિંમત હોય તો આવો. જોકે તમે નહીં આવો, કારણ કે હું તમારા વિશે જે વાતો જાણું છું તેનાથી તમે ડરો છો.'

રાહુલ ગાંધીનો આ પલટવાર પીએમ મોદીના તાજેતરના નિવેદન બાદ આવ્યો છે. ગત ૩૧ ઓક્ટોબરે પીએમ મોદીએ પોતાના સંબોધનમાં કોંગ્રેસ અને સમગ્ર વિપક્ષ પર નિશાન સાધતાં કહ્યું હતું કે કેટલીક અવરોધરૂપ શક્તિઓ દેશના ભાગલા પાડવાનો પ્રયાસ કરી રહી છે અને તેના માટે અફવાઓ ફેલાવવા સોશિયલ મીડિયાનો ઉપયોગ થઈ રહ્યો છે.

એકતાનગરના કાર્યક્રમમાં પીએમનું નિવેદન

ગુજરાતના નર્મદા જિલ્લામાં આવેલા એકતા નગર ખાતે 'સ્ટેચ્યુ ઑફ યુનિટી' પર સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે 'રાષ્ટ્રીય એકતા દિવસ' સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં પીએમ મોદીએ જણાવ્યું હતું કે વિપક્ષ હવે દેશના વિકાસમાં અવરોધ ઊભો કરનારી તાકાત બની ગયો છે. સોશિયલ મીડિયાને એક હથિયારની જેમ ઉપયોગ કરીને અફવાઓ ફેલાવવામાં આવી રહી છે અને ભારતની છબી ખરાબ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. આ સાથે મોદીએ દિમાગી નક્સલીઓ સામે ચેતવણી આપી હતી અને દેશમાં 'સેક્યુલર સિવિલ કોડ' તરફ આગળ વધવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

વિધાનસભા ચૂંટણી પહેલાં પાંચ રાજ્યમાં ફેરફાર

પાંચ રાજ્યોમાં કુલ ૧૮.૭૧ કરોડ મતદારો નોંધાયેલા હતા, જે આખરી યાદી પ્રસિદ્ધ થયા બાદ ઘટીને ૧૬.૪૩ કરોડ થઈ ગયા એટલે SIR બાદ ૨.૨૯ કરોડ મતદાર ઘટ્યા

નવી દિલ્ચ્હી, તા.૨

ચૂંટણી પંચ દ્વારા ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, ગોવા અને મણિપુરમાં મતદાર યાદીની ખાસ ચકાસણી અને સુધારણા ઝુંબેશ (SIR) હાથ ધરવામાં આવી હતી. આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ આ પાંચેય રાજ્યોમાં કુલ મતદારોની સંખ્યામાં મોટો ઘટાડો નોંધાયો છે. ચૂંટણી પંચના આંકડા મુજબ, SIR પ્રક્રિયા શરૂ થઈ તે પહેલાં આ પાંચ રાજ્યોમાં કુલ ૧૮.૭૧ કરોડ મતદારો નોંધાયેલા હતા, જે આખરી યાદી પ્રસિદ્ધ થયા બાદ ઘટીને ૧૬.૪૩ કરોડ થઈ ગયા છે. એટલે કે કુલ મતદારોમાંથી અંદાજે ૨.૨૯ કરોડ (૧૨.૨ ટકા) જેટલા નામો યાદીમાંથી ઓછા થયા છે.

પાંચ રાજ્યોમાં આવેલા કુલ ઘટાડામાંથી લગભગ ૯૦ ટકા હિસ્સો એકલા ઉત્તર પ્રદેશનો છે. સુધારણા પ્રક્રિયા (SIR) પહેલાં રાજ્યમાં ૧૫.૪૪ કરોડ મતદારો હતા. ડ્રાફ્ટ યાદી બહાર પડી ત્યારે આ આંકડો ઘટીને ૧૨.૫૬ કરોડ થઈ ગયો હતો. જોકે, વાંધા-અરજીઓ અને પુનઃચકાસણી બાદ આખરી યાદીમાં ૮૪ લાખ નામો ફરી ઉમેરવામાં આવ્યા હતા. આ સુધારા છતાં ઉત્તર પ્રદેશમાં આખરી મતદારોની સંખ્યા ૧૩.૪૦ કરોડ રહી છે, જે અગાઉની સરખામણીએ સીધો ૧૩.૨૪ ટકા (લગભગ ૨.૦૪ કરોડ) નો ઘટાડો દર્શાવે છે.

પંજાબમાં SIR પ્રક્રિયા પહેલાં મતદારોની કુલ સંખ્યા ૨.૧૫ કરોડ હતી. ડ્રાફ્ટ યાદીમાં તે ઘટીને ૧.૯૪ કરોડ થઈ ગઈ હતી, એટલે કે લગભગ ૨૧ લાખ નામો હટાવી દેવાયા હતા. ત્યારબાદ અંતિમ યાદીમાં આશરે ૭ લાખ નામો ફરી જોડવામાં આવ્યા. આ સુધારા બાદ પંજાબમાં



આખરી મતદારોની સંખ્યા ૨.૦૧ કરોડ થઈ છે. આમ, પંજાબમાં કુલ ૧૪ લાખ (૬.૩૪ ટકા) મતદારો ઓછા થયા છે.

ઉત્તરાખંડમાં ઝુંબેશ પહેલાં ૮૦ લાખ નોંધાયેલા મતદારો હતા. ડ્રાફ્ટ લિસ્ટમાં આ સંખ્યા ઘટીને ૭૧ લાખ થઈ ગઈ હતી. આખરી યાદીમાં માત્ર ૧ લાખ જેટલા નામો પાછા ઉમેરાતા અંતિમ આંકડો ૭૨ લાખ પર પહોંચ્યો હતો. રાજ્યમાં કુલ ૮ લાખ (૧૦.૦૭ ટકા) મતદારોનો ઘટાડો થયો છે. નોંધનીય બાબત એ છે કે ડ્રાફ્ટ લિસ્ટમાંથી જે નામો કપાતાં હતાં તેમાંથી માત્ર ૩ ટકા નામો જ આખરી યાદીમાં પુનઃ સ્થાન મેળવી શક્યા.

મણિપુરમાં SIR પ્રક્રિયા પહેલાં આશરે ૨૦.૯ લાખ મતદારો હતા. પ્રાથમિક ડ્રાફ્ટમાં આ સંખ્યા ઘટીને ૧૯.૩ લાખ થઈ ગઈ હતી. જરૂરી ચકાસણી બાદ આખરી લિસ્ટમાં કેટલાક નામો ઉમેરાતાં આંકડો ૧૯.૬ લાખ પર સ્થિર થયો હતો. આમ, મણિપુરમાં કુલ ૧.૩ લાખ (૬.૩૩ ટકા) મતદારો ઘટ્યા છે. ડ્રાફ્ટ યાદીમાંથી ૨૬ કરાયેલા નામો પૈકી લગભગ ૧૭ ટકા નામો અંતિમ યાદીમાં પાછા લાવવામાં આવ્યા હતા.

ગોવામાં સુધારણા પહેલાં ૧૧.૮૫ લાખ મતદારો નોંધાયેલા હતા. ડ્રાફ્ટ યાદીમાં આ સંખ્યા ૧૦.૮૫ લાખ થઈ હતી અને ચોંકાવનારી રીતે અંતિમ યાદીમાં તે વધુ ઘટીને ૧૦.૫૮ લાખ થઈ ગઈ. એટલે કે ગોવામાં કુલ ૧.૩ લાખ (૧૦.૭૬ ટકા) મતદારોનો ઘટાડો નોંધાયો છે. પાંચેય રાજ્યોમાં ગોવા એકમાત્ર એવું રાજ્ય રહ્યું જ્યાં ડ્રાફ્ટ યાદીમાંથી જે નામો હટાવાયા હતા તેમાંથી એકપણ નામ આખરી યાદીમાં પાછું ઉમેરાયું નથી, ઊલટાના વધુ નામો રદ થયા.

આ પાંચેય રાજ્યોમાં આગામી સમયમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની તૈયારી છે. ચૂંટણી પંચે સ્પષ્ટ કર્યું છે કે આ ચૂંટણીઓ આવતા વર્ષની શરૂઆતમાં કરાવી શકાય છે. આ હેતુથી હજુ પણ જે મતદારોના નામ છૂટી ગયા હોય તેમને નામ નોંધાવવાની વધારાની તક આપવામાં આવી રહી છે. સાથોસાથ, ૧ જાન્યુઆરી સુધીમાં જે યુવાનો ૧૮ વર્ષ પૂર્ણ કરી રહ્યા છે તેઓ પણ મતદાર તરીકે નોંધણી કરાવી શકશે. ઉત્તર પ્રદેશ વિધાનસભા (૪૦૩ બેઠકો) ની મુદત આવતા વર્ષે ૨૨ મેના રોજ પૂર્ણ થઈ રહી છે, જ્યારે મણિપુર (૬૦ બેઠકો), ગોવા (૪૦ બેઠકો), પંજાબ (૧૧૭ બેઠકો) અને ઉત્તરાખંડ (૭૦ બેઠકો) ની મુદત માર્ચ ૨૦૨૭ માં સમાપ્ત થશે. કાયદા મુજબ કાર્યકાળ પૂર્ણ થવાના ૬ મહિના પહેલાં ચૂંટણી પંચ ચૂંટણી યોજી શકે છે.

યુવા પર્વતારોહકોને મળશે બમણો લાભ

જૂનાગઢ અને માઉન્ટ આબુના પર્વતારોહકોના આરોગ્ય અને પોષણ માટે રાજ્ય સરકારનો નિર્ણય

રાજકોટ, તા.૨

ગુજરાત સરકારે પર્વતારોહકોના આરોગ્ય અને પોષણ માટે મોટો નિર્ણય લીધો છે. માઉન્ટ આબુ અને જૂનાગઢના પર્વતારોહણ તાલીમાર્થીઓનું દૈનિક ભોજન ભથ્થું ૧૫૦ થી વધારીને ૩૫૦ કરવામાં આવ્યું છે. ૧ એપ્રિલ, ૨૦૨૭ થી આ નિયમ લાગુ થશે. આ નિર્ણયથી ૫૧૦ જેટલા યુવા સાહસિકોને સીધો લાભ મળશે અને તેમને વધુ સારું પોષણયુક્ત ભોજન પ્રાપ્ત થશે.

ગુજરાત રાજ્યના યુવાનોમાં સાહસિક પ્રવૃત્તિઓ અને પર્વતારોહણ પ્રત્યે સતત આકર્ષણ વધી રહ્યું છે. પહાડોની કઠિન પરિસ્થિતિઓમાં તાલીમ લેતા યુવાનોને શારીરિક શ્રમ વધુ પડે છે, તેથી તેમને પૂરતું અને યોગ્ય પોષણ મળવું અત્યંત આવશ્યક છે. આ બાબતને ગંભીરતાથી ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે રાજ્યના પર્વતારોહણ તાલીમાર્થીઓ માટે એક ઐતિહાસિક અને સંવેદનશીલ નિર્ણય લીધો છે. જે અંતર્ગત તાલીમાર્થીઓના ભોજન ભથ્થામાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા જૂનાગઢ અને માઉન્ટ આબુ ખાતે આવેલી પર્વતારોહણ સંસ્થાઓમાં તાલીમ મેળવતા યુવાનો માટેના દૈનિક ભોજન ભથ્થામાં ૨૦૦ રૂપિયાનો માતબર વધારો કરવામાં આવ્યો છે. અગાઉ આ યુવા સાહસિકોને દૈનિક માત્ર ૧૫૦ રૂપિયા ભથ્થું મળતું હતું, જેને હવે સીધું વધારીને ૩૫૦ રૂપિયા કરી દેવામાં આવ્યું છે. આ નવા વધારાનો અમલ આગામી ૧ એપ્રિલ, ૨૦૨૭ થી કરવામાં આવશે. સરકારના આ નિર્ણયને પગલે યુવા સાહસિકોમાં ભારે ઉત્સાહ અને ખુશીની લહેર જોવા મળી રહી છે.

ગુજરાત સરકાર ના આ પ્રોત્સાહક નિર્ણયથી રાજ્યના બંને મુખ્ય પર્વતારોહણ કેન્દ્રોના આશરે ૫૧૦ જેટલા યુવા સાહસિકોને સીધો અને સચોટ લાભ



મળશે. પર્વતારોહણ જેવી કઠિન તાલીમ દરમિયાન શરીરને વધુ કેલરી અને પોષણયુક્ત ભોજનની સખત જરૂરિયાત રહે છે. ભથ્થામાં થયેલા આ વધારાથી તાલીમાર્થીઓ તેમજ તેમના પ્રશિક્ષકોને વધુ સારી, પૌષ્ટિક અને ગુણવત્તાયુક્ત ભોજન સુવિધા પ્રાપ્ત થશે. જે સરવાળે તેમના શારીરિક વિકાસ અને તાલીમના પરિણામોને વધુ બહેતર બનાવશે.

યુવા પર્વતારોહકોના પોષણ અને આરોગ્યની ચિંતા કરતા ગુજરાત સરકારે વાર્ષિક ૧૧.૧૦ લાખ રૂપિયાનો વધારાનો ખર્ચ ભોગવવાની તૈયારી દર્શાવી છે. જેમાં જૂનાગઢના પર્વતારોહણ તાલીમ કેન્દ્રના અંદાજે ૨૩૦ જેટલા શિબિરાર્થીઓ માટે વાર્ષિક ૩.૪૦ લાખ રૂપિયાનો ખર્ચ થશે. જ્યારે માઉન્ટ આબુની રાજ્ય પર્વતારોહણ સંસ્થાના ૨૮૦ જેટલા શિબિરાર્થીઓ પાછળ ૭.૭૦ લાખ રૂપિયાનો વિશેષ ખર્ચ કરવામાં આવશે. રમતગમત વિભાગ આ ખર્ચને યુવાનોના ઉજ્જ્વળ ભવિષ્ય અને સ્વાસ્થ્ય પાછળનું એક ઉત્તમ રોકાણ માની રહ્યું છે.

જૂનાગઢ અને માઉન્ટ આબુ ખાતેના બંને કેન્દ્રોમાં દર વર્ષે ૨૦ થી વધુ સરકારી અને બિનસરકારી તાલીમ શિબિરો યોજવામાં આવે છે. આ શિબિરોમાં રાજ્યના ખૂણે-ખૂણેથી હજારો યુવાનો ભાગ લેવા આવે છે. નવી ભોજન નીતિના અમલથી આ તમામ શિબિરોમાં ભાગ લેતા યુવાનોને સીધો ફાયદો થશે. શારીરિક અને માનસિક રીતે સશક્ત યુવાનો જ ભવિષ્યમાં રાજ્ય અને દેશનું નામ રોશન કરી શકે છે, તેવા ઉમદા આશયથી સરકાર દ્વારા આ પગલું ભરવામાં આવ્યું છે.

ગુજરાત સરકારનો આ નિર્ણય સ્પષ્ટપણે દર્શાવે છે કે રાજ્ય સરકાર રમતગમત અને સાહસિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે સંપૂર્ણ કટિબદ્ધ છે. ભોજન ભથ્થામાં કરાયેલો આ ૨૦૦ રૂપિયાનો વધારો પર્વતારોહકો માટે એક નવી ઉર્જા લઈને આવ્યો છે. પૂરતો અને પોષણયુક્ત આહાર મળવાથી આ યુવાનો નવો જોશ અને જુસ્સા સાથે પહાડોના શિખરો સર કરશે.

બેન્કર્સ એન્ડ બ્યુરોક્રેટ્સ કપ ૨૦૨૬

AG Warriors ૨ ચેમ્પિયન!

AG Warriors ૨ એ રોમાંચક ફાઇનલમાં ઇન્કમ ટેક્સ ટીમને હરાવી BB કપ અંકે કર્યો



રાજકોટ, તા. ૨

બેન્કર્સ એન્ડ બ્યુરોક્રેટ્સ કપ ૨૦૨૬ માં એજી વોરિયર્સ ટુ એ ઇન્કમ ટેક્સ ટીમને હરાવીને ટૂર્નામેન્ટના ઇતિહાસમાં પોતાનું શાનદાર વર્ચસ્વ સ્થાપિત કરતા અજેય ચેમ્પિયન તરીકેનું ટાઇટલ જીતી લીધું છે આગામી પહેલી નવેમ્બર ૨૦૨૬ ના રોજ રમાયેલી આ રોમાંચક અને કાંટાની ટક્કર વાળી ફાઇનલ મેચમાં બંને ટીમો વચ્ચે ખરાબ જંગ જોવા મળ્યો હતો જેમાં આખરે વિજેતા બનેલી એજી વોરિયર્સ ટુ ની ટીમે શિસ્તબદ્ધ પ્રદર્શન કરીને ટ્રોફી પોતાના નામે કરી હતી જ્યારે ઇન્કમ ટેક્સની ટીમે પણ આખી ટૂર્નામેન્ટ દરમિયાન પ્રશંસનીય રમત બતાવીને રનર્સ-અપનું ગૌરવપૂર્ણ સ્થાન મેળવ્યું હતું.

આ ભવ્ય અને પ્રતિષ્ઠિત સ્પર્ધાનું સચોટ આયોજન પીએનબી બેન્કના સુરિન્દર કુમાર દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં બેન્કિંગ ક્ષેત્ર અને વહીવટી બ્યુરોક્રસી સેક્ટરની અત્યંત મજબૂત અને દિગ્ગજ ટીમોએ ભાગ લઈને પોતાના ખેલ કૌશલ્યનો ઉત્કૃષ્ટ નમૂનો પ્રદર્શિત કર્યો હતો સ્પર્ધાના બેન્કર્સ ડિવિઝન અંતર્ગત સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા એટલે કે એસબીઆઈ કેનેરા બેન્ક પંજાબ નેશનલ બેન્ક અને યુનિયન બેન્ક ઓફ ઇન્ડિયા જેવી દિગ્ગજ ટીમો મેદાને ઉતરી હતી જ્યારે બ્યુરોક્રેટ્સ વિભાગમાં એકાઉન્ટન્ટ જનરલ ઓફિસ સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ એટલે કે સીજીએસટી ઇન્કમ ટેક્સ અને ચેમ્પિયન બનેલી એજી વોરિયર્સ ટુ વચ્ચે કાંટાની ટક્કર જામી હતી સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન પોતાની ઘાતક બોલિંગ અને ધારદાર બેટિંગના સહારે મેદાન પર અલગ જ પ્રભાવ છોડનાર એજી વોરિયર્સ ટુ ના તેજસ્વી ખેલાડી સંદીપ મીણાને તેમની સર્વોત્તમ રમત માટે પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટના ગૌરવવંતા ખિતાબથી નવાજવામાં આવ્યા હતા જેમની આ શાનદાર રમતની નોંધ સ્ટેડિયમમાં ઉપસ્થિત તમામ અધિકારીઓ અને સાથી ખેલાડીઓએ લીધી હતી અને તેમની રમતને ખુબ જ બિરદાવી હતી.

૨૦ વર્ષની અતુલ્ય સ્વાસ્થ્ય યાત્રા

વોકહાર્ટ બની સૌરાષ્ટ્રનું રક્ષક–સ્વાસ્થ્ય પ્રતીક

રાજકોટ, તા.૨

૨૦ લાખથી વધુ દર્દીઓના અટૂટ વિશ્વાસ સાથે વોકહાર્ટ હોસ્પિટલે પૂર્ણ કરી સેવાઓની બે દાયકાની ગૌરવપૂર્ણ યાત્રા રાજકોટ અને સૌરાષ્ટ્રના આરોગ્યક્ષેત્રમાં છેલ્લા ૨૦ વર્ષથી એન. એમ. વિરાણી વોકહાર્ટ હોસ્પિટલે સફળતાપૂર્વક પોતાની સફર પૂર્ણ કરી છે. આ સમયગાળા દરમિયાન હોસ્પિટલે ૨૦ લાખથી વધુ દર્દીઓને આરોગ્યસેવા પૂરી પાડીને સૌરાષ્ટ્રના પરિવારો સાથે મજબૂત વિશ્વાસનું બંધન બાંધ્યું છે.

હોસ્પિટલ પાસે હાલમાં ૨૨૭ બેડ, ૪૮ ક્રિટિકલ-કેર બેડ, ૦૭ આધુનિક ઓપરેશન થિયેટર, બે હાઇ-એન્ડ કેથ લેબ, ૧૨૮-સ્લાઈસ સીટી સ્કેન અને ૧.૫ ટેસ્લા એમઆરઆઈ સહિત અત્યંત આધુનિક ડાયગ્નોસ્ટિક અને ડાયાલિસીસ સુવિધાઓ ઉપલબ્ધ છે. ખાસ કરીને તબીબી કટોકટીની



પરિસ્થિતિઓમાં સમયસર સારવાર પૂરી પાડવામાં હોસ્પિટલે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. ૨૮૪૭ ઇમરજન્સી અને ક્રિટિકલ કેર સેવાઓ દ્વારા ગંભીર અને જટિલ કેસોમાં દર્દીઓને તાત્કાલિક સારવાર આપવામાં આવે છે. વિવિધ સ્પેશિયાલિટીના તબીબો વચ્ચેના સંકલનથી મલ્ટીસ્પેશિયલિટરી સારવાર પણ ઉપલબ્ધ કરવામાં આવે છે.

આ પ્રસંગે વોકહાર્ટ હોસ્પિટલ, રાજકોટના સેન્ટર હેડ ડો. દુષ્યંત પટેલે જણાવ્યું હતું કે, વોકહાર્ટ હોસ્પિટલ માટે ૨૦ વર્ષ પૂર્ણ થવું અત્યંત મહત્વપૂર્ણ પડાવ છે. આ સફર અદભુત રહી છે. આ સફરમાં સતત વધુ સારી અને અત્યંત આરોગ્યસેવા ઉપલબ્ધ કરાવવાની અમારી પ્રતિબદ્ધતા તથા રાજકોટ અને સૌરાષ્ટ્રના લોકોનો વિશ્વાસ, ડોક્ટરો અને આરોગ્યસેવા ટીમના સમર્પણ તથા પરિણામ છે. આવનારા વર્ષોમાં પણ વધુ આધુનિક, સલામત અને સંવેદનશીલ સારવાર લોકો સુધી પહોંચાડવાની અમારી પ્રાથમિકતા રહેશે.

વનરક્ષકોની સરકાર સાથેની બેઠક નિષ્ફળ : આંદોલન યથાવત

ગાંધીનગરમાં છેલ્લા છ દિવસથી ચાલી રહેલા વનરક્ષકોના આંદોલનમાં અનુભવી કર્મચારીઓને પ્રમોશનમાં યોગ્ય તક આપવાની માગ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરમાં છેલ્લા છ દિવસથી ચાલી રહેલા વનરક્ષકોના આંદોલનમાં મહત્વપૂર્ણ વળાંક આવ્યો છે. પડતર માગણીઓના ઉકેલની આશા સાથે સરકાર અને કર્મચારી પ્રતિનિધિઓ વચ્ચે યોજાયેલી બેઠક બાદ પણ સ્થિતિ યથાવત રહી છે. ગ્રેડ પે સહિતના અનેક મુદ્દાઓ પર વનકર્મચારીઓની નારાજગી દૂર થઈ નથી. આખરે સરકાર સાથેની ચર્ચામાં શું બન્યું અને વનરક્ષકોએ આગળ માટે કયો નિર્ણય લીધો? આ ઘટનાક્રમે કર્મચારીઓના ભવિષ્ય અને સરકારના આગામી વલણ અંગે સવાલો ઊભા કર્યા છે.

ગુજરાતમાં વનરક્ષકોના આંદોલનને લઈને મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. ગાંધીનગરમાં છેલ્લા છ દિવસથી પડતર માગણીઓને લઈને વિરોધ પ્રદર્શન કરી રહેલા વનકર્મચારીઓની સરકાર સાથેની બેઠકમાં



કોઈ સંતોષકારક ઉકેલ આવ્યો નથી. મળતી માહિતી મુજબ, બેઠકમાં માગણીઓ અંગે યોગ્ય પ્રતિસાદ ન મળતાં વનરક્ષકોએ આંદોલન યથાવત રાખવાની જાહેરાત કરી છે. સોમવાર, ૨ નવેમ્બર ૨૦૨૬ના રોજ વનરક્ષકો અને સરકાર વચ્ચે પડતર પ્રશ્નો અંગે ચર્ચા યોજાઈ હોવાની માહિતી મળી છે. વનકર્મચારીઓને આ બેઠકમાંથી સકારાત્મક નિર્ણયની અપેક્ષા હતી. જોકે, કર્મચારીઓના જણાવ્યા અનુસાર તેમની માગણીઓ અંગે સંતોષકારક પરિણામ મળ્યું નથી. પરિણામે આંદોલન સમેટવાને બદલે આગળ ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો છે. રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી આવેલા વનરક્ષક અને વનપાલ કર્મચારીઓ ૨૮ ઓક્ટોબરથી ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. આંદોલનમાં જોડાયેલા કર્મચારીઓએ લાંબા સમયથી પડતર પ્રશ્નોના કાયમી ઉકેલની માગ કરી છે.

વનકર્મચારીઓની મુખ્ય માગણીઓમાં ગ્રેડ પેની વિસંગતતા દૂર કરવી, જોખમ ભથ્થું એટલે કે રિસ્ક એલાઉન્સ આપવું અને પગાર સંબંધિત પ્રશ્નોનું નિરાકરણ લાવવું સામેલ છે. કર્મચારીઓની રજૂઆત છે કે જોખમી પરિસ્થિતિમાં ફરજ બજાવવાની જવાબદારીને અનુરૂપ સુવિધાઓ મળવી જોઈએ. વનકર્મચારીઓએ લાંબા સમયથી અટકેલી બદલીઓ, બઢતીની તકો અને વન વિભાગની ખાલી જગ્યાઓ ભરવા અંગે પણ સરકાર સમક્ષ રજૂઆતો કરી છે. અનુભવી કર્મચારીઓને પ્રમોશનમાં યોગ્ય તક આપવાની માગ પણ કરવામાં આવી છે.

એશિયન–પેરા એશિયન ગેમ્સના ખેલાડીઓનું સન્માન

DyCM હર્ષભાઈ સંઘવીના હસ્તે ચેક અર્પણ : બુમરાહ, અક્ષર અને રાધા યાદવને લાખોનું ઈનામ



ગાંધીનગર, તા.૨

ગુજરાતના આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ માટે સન્માનનો ખાસ અવસર જોવા મળ્યો છે. એશિયન અને પેરા એશિયન ગેમ્સમાં સિદ્ધિ મેળવનારા રમતવીરોને કરોડો રૂપિયાની પ્રોત્સાહક રકમ આપવામાં આવી હોવાની માહિતી સામે આવી છે. ક્રિકેટના જાણીતા ચહેરાઓથી લઈને પેરા એથ્લેટ્સ સુધી અનેક ખેલાડીઓનાં નામ આ યાદીમાં સામેલ છે. પરંતુ સૌથી મોટી રકમ કોને મળી અને કયા ખેલાડીની સિદ્ધિને કેટલું પ્રોત્સાહન મળ્યું? સન્માન સમારોહની આ વિગતો ધ્યાન ખેંચે છે. ગુજરાતના એશિયન ગેમ્સ અને પેરા એશિયન ગેમ્સમાં ભાગ લેનારા ખેલાડીઓના સન્માન માટે વિશેષ સમારોહ યોજાયો હોવાની માહિતી સામે આવી છે. નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે ખેલાડીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. મળેલી વિગતો અનુસાર, ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ વિજેતાઓ ઉપરાંત સ્પર્ધામાં ભાગ લેનારા ખેલાડીઓને કુલ રૂ.૯.૨૭ કરોડથી વધુની પ્રોત્સાહક રકમના ચેક આપવામાં આવ્યા હતા.

આ સન્માન સમારોહમાં ભારતીય ક્રિકેટર જસપ્રીત બુમરાહ અક્ષર પટેલ અને મહિલા ક્રિકેટર રાધા યાદવને રૂ.૬૬-૬૬ લાખની પ્રોત્સાહક રકમ આપવામાં આવી હોવાનું જણાવાયું છે. ત્રણેય ખેલાડીઓને મળેલી રકમ કુલ રૂ.૧.૯૮ કરોડ થાય છે. પેરા એથ્લેટ અંજનાબેન બુંબડીયાને રૂ.૨ કરોડનું ઈનામ આપવામાં આવ્યું હતું. અંજનાબેને ૨૦૨૬ની એશિયન પેરા ગેમ્સમાં મહિલાઓની ૪૦૦ મીટરની દોડમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. તેમની આ સિદ્ધિ ગુજરાતના પેરા સ્પોર્ટ્સ ક્ષેત્ર માટે મહત્વપૂર્ણ રહી છે.

પેરા ટેબલ ટેનિસ ખેલાડી ભાવિના પટેલને બે બ્રોન્ઝ મેડલ બદલ રૂ.૭૫ લાખની પ્રોત્સાહક રકમ આપવામાં આવી હોવાની માહિતી છે. ભાવિના પટેલે એશિયન પેરા ગેમ્સ ૨૦૨૬માં મહિલા સિંગલ્સ અને મિક્સ્ડ ડબલ્સમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા.સમારોહમાં માત્ર મેડલ વિજેતાઓ જ નહીં, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભાગ લેનારા અન્ય ખેલાડીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ વિજેતાઓને તેમની સિદ્ધિ બદલ પ્રોત્સાહક રકમ અપાઈ હોવાની વિગતો સામે આવી છે.

ગુજરાતના ખેલાડીઓને આર્થિક પ્રોત્સાહન

આ પ્રકારની પ્રોત્સાહક રકમ ખેલાડીઓને તાલીમ, રમતગમતનાં સાધનો અને આગામી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓની તૈયારીમાં આર્થિક સહાયરૂપ બની શકે છે. જોકે, સમારોહમાં સન્માનિત કુલ ખેલાડીઓની સંખ્યા અને તમામ વ્યક્તિગત પુરસ્કારોની વિગતવાર યાદી ઉપલબ્ધ નથી.

આધારહીન આરોપો સામે ભાજપનો સણસણતો પ્રહાર

કોંગ્રેસ ભ્રમ ફેલાવવાનું બંધ કરે : બઘેલ

રાજકોટ કમલમ ખાતેથી કેન્દ્રીય મંત્રી એસ.પી. સિંહ બઘેલની ગર્જના : ૧૩ કરોડ નામ કમી કરવાના દાવા પોકળઃ હિંમત હોય તો એફિડેવિટ આપીને બતાવે!

રાજકોટ, તા. ૨

રાજકોટ શહેર ભાજપ કાર્યાલય 'કમલમ' ખાતે કેન્દ્રીય રાજ્ય મંત્રી એસ. પી. સિંહ બઘેલ અને ભાજપના વરિષ્ઠ નેતા પરસોત્તમ રૂપાલાની વિશેષ ઉપસ્થિતિમાં એક અત્યંત મહત્વપૂર્ણ પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' અભિયાન અંતર્ગત યોજાયેલી આ પત્રકાર પરિષદમાં સાંસદ રાજેશ ચુડાસમા, સ્થાનિક ધારાસભ્યો, રાજકોટ મેયર, શહેર પ્રમુખ તેમજ ભાજપના મહામંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠક દરમિયાન કોંગ્રેસ અને વિપક્ષ દ્વારા દેશભરમાં એસ. આર.આઈ. (સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન / મતદાર યાદી સુધારણા) અને મતદાતાઓના નામ કમી કરવાના મુદ્દે ફેલાવવામાં આવી રહેલા ભ્રમ અને રાજકીય અરાજકતાનો આકરા શબ્દોમાં પર્દાફાશ કરવામાં આવ્યો હતો.

પત્રકારોને સંબોધતા કેન્દ્રીય રાજ્ય મંત્રી એસ. પી. સિંહ બઘેલે જણાવ્યું હતું કે એસ.આર.આઈ.ની પ્રક્રિયાને લઈને વિપક્ષ દ્વારા ખોટું અને ડરનું વાતાવરણ ઊભું કરવામાં આવી રહ્યું છે. તેમણે પડકાર ફેંકતા કહ્યું હતું કે જો ખરેખર કાયદેસરના (વેલિડ) મતદાતાઓના નામ કાપવામાં આવ્યા હોય, તો વિપક્ષી નેતાઓ એફિડેવિટ (સોગંદનામું) આપીને તે સાબિત કરીને બતાવે. મંત્રી બઘેલે સ્પષ્ટ કર્યું હતું કે અલગ-અલગ રાજ્યોમાં તપાસ કરતા અનેક ડુબ્લિકેટ મતદાતાઓ નજરે પડ્યા છે, જેમની પાસે એકથી વધુ જગ્યાએ વોટર આઈડી હોવાથી તેમના નામ દૂર કરવાની પારદર્શક પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. અનેક મધ્યમ વર્ગના લોકો રોજીરોટી કે વ્યવસાય અર્થે નજીકના કસ્બા કે શહેરોમાં સ્થળાંતર કરી જાય છે, પરંતુ તેમ છતાં તેમના નામ વતનના ગામોમાં ચાલુ રહે છે. આવા કિસ્સાઓમાં જ્યારે ડુબ્લિકેટ નામ કમી થાય છે ત્યારે વિપક્ષ તેને રાજકીય રંગ આપીને ખોટી અફવાઓ ફેલાવે છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે હવે ફોર્મ ૬



ભરતી વખતે ઓટીપી (ઘઝઙ) દ્વારા સ્વ-ઘોષણાપત્ર આપવાની સુવિધા કરવામાં આવી છે, જેથી નાગરિકોએ વારંવાર વેરિફિકેશનની ઝંઝટમાં નવું પડવું પડે. કોંગ્રેસ પર પ્રહાર કરતા તેમણે ઉમેર્યું હતું કે એસ.આર.આઈ. પહેલાંથી જ દેશના વિવિધ રાજ્યોમાં કોંગ્રેસ લાંબા સમયથી સત્તાથી બહાર છે અને જનતા દ્વારા નકારાયા બાદ હવે તેઓ ચૂંટણી પંચને નિશાન બનાવી રહ્યા છે. તેમણે કટાક્ષ કર્યો હતો કે 'કોકરોચ જનતા પાર્ટી' જેવા દંભી નેતાઓને વિદેશમાંથી ફંડિંગ મળતું હોવાના પુરાવા પણ સામે આવ્યા છે. કટોકટી અને બંધારણના મુદ્દે કોંગ્રેસને ઘેરતા તેમણે યાદ અપાવ્યું હતું કે સંવિધાનના અમુક પાના રાહુલ ગાંધીના દાદી (ઇન્દિરા ગાંધી)એ જ ફાડીને ફેંકી દીધા હતા.

આ પ્રેસ કોન્ફરન્સમાં ભાજપના વરિષ્ઠ નેતા અને સાંસદ પરસોત્તમ રૂપાલાએ પણ કોંગ્રેસના દાવાની હવા કાઢી નાખી હતી. રૂપાલાએ જણાવ્યું હતું કે ભૂતકાળમાં કોંગ્રેસના શાસનકાળ દરમિયાન કુલ ૧૧ વખત એસ.આર. આઈ.ની પ્રક્રિયા થઈ ચૂકી છે, પરંતુ ત્યારે કોંગ્રેસના નેતાઓએ એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહોતો. હવે જ્યારે ૧૨મી વખત આ પ્રક્રિયા થઈ રહી છે ત્યારે તેને ચેલેન્જ કરીને સીધા ચૂંટણી પંચના રાજીનામા માંગવામાં આવી રહ્યા છે જે અત્યંત શરમજનક છે. વિપક્ષ દ્વારા ૧૩ કરોડ લોકોના નામ કમી કર્યા હોવાનો જે ગંભીર આક્ષેપ કરવામાં આવી રહ્યો છે તેની મજાક ઉડાવતા રૂપાલાએ કહ્યું હતું કે જો ખરેખર ૧૩ કરોડ લોકોના નામ કમી થયા હોય, તો વિપક્ષે તે તમામ લોકોને લઈને એક વિશાળ સંમેલન યોજી લેવું જોઈએ! જો તે સંમેલનમાં ૫ કે ૨૫ લાખ લોકો પણ ભેગા થઈ જશે તો પણ તેમના દાવાની પોલ ખુલી જશે. તેમણે ભારપૂર્વક કહ્યું કે ભૂતકાળની ૧૧ એસ. આર.આઈ. વખતે કોઈ કામગીરી ન થઈ અને આ વખતે પદ્ધતિસરની કામગીરી થતાં જ માત્ર ભ્રમ ફેલાવવાનું રાજકારણ રમાઈ રહ્યું છે. આમ, રાજકોટ કમલમ ખાતે યોજાયેલી આ પ્રેસ કોન્ફરન્સમાં ભાજપના દિગ્ગજ નેતાઓએ એસ.આર. આઈ. બાબતે વિપક્ષના તમામ ભ્રામક આક્ષેપોને ફગાવી દઈને લોકશાહી અને ચૂંટણી પંચની પારદર્શક કામગીરીનું સમર્થન કર્યું હતું અને જનતાને ગેરમાર્ગે દોરવાના કોંગ્રેસના મનસૂબા પર પાણી ફેરવી દીધું હતું.

લાખાજીરાજ-ધર્મેન્દ્ર રોડ પર ઉમટ્યું માનવ મહેરામણ

મહિનાની પહેલી તારીખ ને રવિવારનો ડબલ ધમાકાઃ વેપારીઓમાં હરખની હેલી, ટ્રાફિક જામ વચ્ચે પણ ખરીદીનો ભારે ઉત્સાહ



FILE IMAGE

રાજકોટ, તા. ૨

રાજકોટના પરંપરાગત અને જાણીતા વેપાર કેન્દ્રો પર દિવાળીના પાવન પર્વ નિમિત્તે ઉત્સાહ અને થનગનાટનો માહોલ જોવા મળી રહ્યો છે અને રવિવારની રજા તથા મહિનાની પહેલી તારીખે પગાર થવાના સુભગ સંયોગ વચ્ચે શહેરીજનોએ પરિવાર સાથે બજારોમાં ખરીદી માટે ભારે ઉત્સાહ દર્શાવતા લાખાજીરાજ રોડથી લઈને ધર્મેન્દ્ર રોડ, ગુંદાવાડી, ઘી કાંટા રોડ, ભૂપેન્દ્ર રોડ અને પેલેસ રોડ સુધી ચારેય તરફ માનવ મહેરામણ ઊભરાઈ ગયું હતું. દિવાળીને વધાવવા માટે વેપારી વર્ગ દ્વારા બજારોને આકર્ષક રોશનીથી શણગારવામાં આવી છે જેથી આ મુખ્ય માર્ગો રાત્રિના સમયે ઝગમગી ઉઠ્યા હતા અને આ નજારો માણવા માટે પણ મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા હતા. ગ્રાહકોની અનંત અવરજવરથી વેપારીઓમાં પણ નવો પ્રાણ ફૂંકાયો છે અને સવારથી શરૂ થયેલી ઘરાકી મોડી રાત્રિના બે વાગ્યા સુધી અવિરત ચાલુ રહી હતી. ઘરને આકર્ષક દેખાડવા માટે લાઈટિંગ સિરીઝ, આર્ટિફિશિયલ ફ્લાવર, તોરણ, લાભ-શુભનાં સ્ટિકર, દીવડા, કંડીલ અને ઝુમ્મરની ખરીદી પૂરજોશમાં ચાલી રહી છે જ્યારે બાળકોના આગામી વેકેશન અને તહેવારને ધ્યાનમાં રાખીને પરિવારોએ કપડાં, બુટ-ચંપલ તેમજ વિવિધ ભેટસોગાદોની ખરીદીમાં વિશેષ રસ દાખવ્યો છે.

છેલ્લા રવિવારની આ રેકોર્ડબ્રેક ભીડથી વેપારીઓમાં આગામી દિવસોમાં બમ્પર વેપારની આશા જાગી છે. લાખાજીરાજ રોડ વેપાર એસોસિયેશનના પ્રમુખ પ્રણંદ કલ્યાણીએ જણાવ્યું છે કે બજારમાં અદ્ભુત ભીડ અને ચિક્કાર ગીરદી જોવા મળી હતી અને પાથરણાવાળાઓને મંજૂરી મળવાને કારણે રસ્તાઓ સાંકડા થઈ જતા ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો છતાં નાગરિકોનો ખરીદી પ્રત્યેનો ઉત્સાહ જરાય ઓછો થયો ન હતો. આવતા રવિવારે દિવાળીનો તહેવાર હોવાથી અને શાળાઓમાં બાળકોનું વેકેશન શરૂ થઈ રહ્યું હોવાથી આગામી દિવસોમાં બજારોમાં હજુ પણ વધુ ભીડ ઉમટવાની પૂરી સંભાવના છે અને અંતિમ દિવસોમાં રાજકોટના આ બજારોમાં ખરીદીનો ઉત્સવ વધુ રંગ પકડશે.

આજી-ન્યારી-૧ ડેમમાં 'સૌની' નીરના શ્રીગણેશ

રાજકોટવાસીઓ પરનું જળસંકટ ટળ્યું

સિંચાઈ વિભાગની ૧૫ દિવસની અથાક મહેનત રંગ લાવી; સુરેન્દ્રનગરથી છોડાયેલું પાણી આજે બપોરે ડેમોમાં પહોંચ્યું, ડિસેમ્બર મધ્ય સુધીમાં બંને જળાશયો છલોછલ ભરાશે



રાજકોટ, તા. ૨

રાજકોટ સિંચાઈ વિભાગની છેલ્લા એક પખવાડીયાની તનતોડ મહેનતનાં કારણે અંતે આજે બપોરે એક કલાકે શહેરને પીવાનું પાણી પુરૂ પાડતા આજી અને ન્યારી-૧ ડેમમાં સૌની યોજનાનાં નર્મદા નીરની આવકના શ્રીગણેશ થઈ ગયા છે અને આ સાથે જ એકાંતરા પાણીની ભીતિ સેવતા રાજકોટવાસીઓની દિવાળી ખરા અર્થમાં સુધરી ગઈ છે કારણ કે ચાલુ વર્ષે ચોમાસું નબળું રહેતા પાણીની નિર્ભરતા વધી હતી અને તાજેતરમાં જ મહાનગરપાલિકાએ પણ ફરી એકવાર સિંચાઈ વિભાગ પાસે સૌની યોજનાનું પાણી માંગ્યું હતું જેને લઈને આ પાણી છોડવાની મંજુરી માટે સ્થાનિક સિંચાઈ વિભાગ સતત પખવાડીયાથી જહેમત ઉઠાવી રહ્યું હતું અને અંતે ગત શનિવારે નર્મદા વિભાગે પાણી છોડવાની મંજુરી આપી દેતા ગત તારીખ પહેલીના રોજ સવારે આઠ કલાકે સુરેન્દ્રનગરનાં ધોળીધજા પમ્પીંગ સ્ટેશનથી રાજકોટના આજી અને ન્યારી એક ડેમ માટે પાઈપલાઈન મારફતે પાણી છોડવાની શરૂઆત કરવામાં આવી હતી.

અંતે ગઈકાલે બપોરે એક કલાકે આજી અને ન્યારી-૧ ડેમમાં સૌની યોજનાનું પાણી પહોંચી ગયુ હતું જેથી ફરી એકવાર બંને ડેમો નર્મદા નીરથી ભરાવા લાગ્યા છે જોકે આ ખુશીની વચ્ચે એક હકીકત એ પણ છે કે સિંચાઈ વિભાગના આશરે ૧૦૦ જેટલા કર્મચારી અને અધિકારીઓને પોતાની દિવાળીની રજાઓમાં પણ પાણીને લઈ સતત સાઈટ ઉપર કાર્યરત રહેવું પડશે કારણ કે છેલ્લા કેટલાંક વર્ષોથી રાજકોટવાસીઓ સતત સૌની યોજનાના પાણી ઉપર જ નિર્ભર રહેતા આવ્યા છે. અને આજની સ્થિતિએ આજી-૧ ડેમમાં ૪૭ ટકા અને ન્યારી-૧ ડેમમાં ૩૭ ટકા જળ જથ્થો જ ઉપલબ્ધ રહ્યો હતો દરમ્યાન રાજકોટ સિંચાઈ વિભાગનાં ઈજનેરી સુત્રોના જણાવ્યા મુજબ આગામી સમયમાં શહેરના આજી અને ન્યારી-૧ ડેમમાં પ્રથમ તબક્કામાં આગામી ૧૩ ડીસેમ્બર સુધીમાં કુલ ૧૨૭૦ એમસીએફટી નર્મદા નીર છોડવામાં આવશે અને આ પ્રથમ તબક્કા દરમ્યાન બંને જળાશયોને સંપૂર્ણ ભરી દેવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે કારણ કે આજી-૧ ડેમ ૨૯ ફૂટે છલકાય છે અને ન્યારી-૧ ડેમ ૨૫ ફૂટે છલકાય છે જેથી હવે ફરી એકવાર આ બંને ડેમો ડીસેમ્બરની મધ્ય સુધીમાં છલોછલ ભરાઈ જશે અને તેના લીધે હાલ તો રાજકોટવાસીઓને પીવાના પાણીની આગામી દિવસોમાં ખાસ કોઈ તંગી કે મુશ્કેલીનો સામનો કરવો નહીં પડે.

રાજકોટ શહેરમાં તહેવારોની રોનક વચ્ચે રોગચાળાનો ભયાનક ખતરો યથાવત

દિવાળી ટાણે જ ડેંગ્યુ-મેલેરિયાનો સકંજો

એક જ સપ્તાહમાં રોગચાળાના ૧,૭૫૭ કેસ નોંધાતા ચિંતા વધી! : તંત્ર દ્વારા ૫૦૨ સ્થળોએ નોટિસ, તહેવારોમાં ખાસ સાવચેતી રાખવા અપીલ

રાજકોટ, તા. ૨

દિવાળીના પવિત્ર તહેવારને હવે ગણતરીના દિવસો પણ બાકી રહ્યા નથી ત્યારે રાજકોટ શહેરમાં તહેવારોની રોનક વચ્ચે રોગચાળાનો ભયાનક ખતરો યથાવત રહેતા નાગરિકો અને તંત્રની ચિંતામાં ભારે વધારો થયો છે. શહેરમાં છેલ્લા બે સપ્તાહથી ડેંગ્યુએ પોતાના પગપેસારો વધાર્યો હોય તેમ સતત બીજા અઠવાડિયે ડેંગ્યુના નવા ૬ કેસ સામે આવ્યા છે, જેની સાથે જ ચાલુ વર્ષમાં આ જીવલેણ અને ખતરનાક તાવના કુલ કેસની સંખ્યા ૫૩ પર પહોંચી ગઈ છે. માત્ર ડેંગ્યુ જ નહીં, પરંતુ મચ્છરજન્ય અન્ય ગંભીર તાવ મેલેરિયાનો પણ એક કેસ ચોપડે નોંધાયો છે. ગઈકાલે પુરા થયેલા અઠવાડિયાના સરકારી આંકડા પર નજર કરીએ તો શહેરમાં મેલેરિયાનો ૧, ડેંગ્યુના ૬, શરદી-ઉધરસના ૮૬૨, સામાન્ય તાવના ૭૫૬ અને ઝાડા-ઉલ્ટીના ૧૩૨ દર્દીઓ મળીને કુલ ૧૭૫૭ દર્દીઓ ચોપડે નોંધાઈ ચૂક્યા છે, જ્યારે ખાનગી હોસ્પિટલો અને જાણીતા ડોક્ટરોની ઓપીડી પણ દર્દી ઓની ભીડથી ઉભરાઈ રહી છે.

આ વર્ષે ચોમાસુ સંતોષકારક રહ્યું ન હોવાથી એક તરફ સામાન્ય લોકોથી માંડીને તંત્ર સુધી તમામ માટે પાણીની ભારે ચિંતા ઊભી થઈ છે, તો બીજી તરફ વાતાવરણના વિચિત્ર મિજાજે રોગચાળાને મોકળું મેદાન આપ્યું છે. સત્તાવાર રીતે ચોમાસાએ વિદાય લઈ લીધી હોવા છતાં અને શિયાળાની ગુલાબી ઠંડક શરૂ થવાના બદલે હાલમાં ઉનાળા જેવી આકરી ગરમી અને અસહ્ય તાપ પડી રહ્યો છે. આ પ્રકારનું ગરમ અને ભેજયુક્ત વાતાવરણ મચ્છરોના સંવર્ધન અને વંશવૃદ્ધિ માટે અત્યંત અનુકૂળ સાબિત થઈ રહ્યું હોય તેમ



મચ્છરજન્ય રોગચાળામાં સતત ઉછાળો જોવા મળી રહ્યો છે.

રોગચાળા દ્વારા ઊભા થયેલા આ જાહેર આરોગ્યના મોટા પડકારને પહોંચી વળવા માટે રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખા દ્વારા તમામ સ્તરે ઘનિષ્ઠ કામગીરી ચલાવવામાં આવી રહી છે. આરોગ્ય વિભાગ દ્વારા તા. ૨૬ ઓક્ટોબરથી ૧ નવેમ્બર સુધીનો કામગીરીનો રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે. ડેંગ્યુ રોગના અટકાયતી પગલાંના ભાગરૂપે શહેરી વિસ્તારમાં રહેણાંક મકાનો, દુકાનો, એપાર્ટમેન્ટ, કોમર્શિયલ કોમ્પ્લેક્સ, ઔદ્યોગિક એકમો અને વ્યાપાર ધંધાના સ્થળો સહિત કુલ ૫૦૨ જેટલા સ્થળોએ સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન જ્યાં પણ મચ્છરોની ઉત્પત્તિ અથવા તેના માટે અનુકૂળ પરિસ્થિતિ મળી આવી હતી તેવા રહેણાંકના ૨૧૧ અને કોમર્શિયલ ૮૭ આસામીઓને કાયદેસરની નોટિસ ફટકારવામાં આવી છે.

તબીબી નિષ્ણાતોના જણાવ્યા મુજબ, ડેંગ્યુનો રોગ ફેલાવતા એડીસ મચ્છર મુખ્યત્વે દિવસના સમયે જ કરડે છે અને તે એક જ સમયગાળામાં એકસાથે વધુ લોકોને કરડવાની ક્ષમતા ધરાવતો હોવાથી, જ્યાં વધુ જનસમુદાય એકઠો થતો હોય તેવા સ્થળોએ આ રોગ ઝડપથી ફેલાવાનું જોખમ સૌથી વધુ રહેલું છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને વાહક નિયંત્રણની કામગીરી હેઠળ આરોગ્ય વિભાગના ફિલ્ડવર્કરો દ્વારા એક જ સપ્તાહમાં ૧,૦૦,૩૭૯ ઘરોમાં પોરાનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો છે તેમજ ૭૯૩ ઘરોમાં ફોગિંગ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જે વિસ્તારોમાં મચ્છરોની ઘનતા વધુ માલૂમ પડે છે ત્યાં વહિકલ માઉન્ટેન ફોગિંગ મશીન દ્વારા મોટા પાયે ફોગિંગ કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત તમામ સંવેદનશીલ સોસાયટીઓ, જાહેર રસ્તાઓ અને જ્યાં વધુ માનવસમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારોને ફોગિંગ કામગીરી હેઠળ આવરી લેવાયા છે.

બ્રેક મારો, પાછા વળો

કાઉન્સેલરના ગતકડાં કરવાને બદલે શિક્ષણ પદ્ધતિમાં ક્રાંતિકારી ફેરફાર કરો



વર્તમાન સમયમાં વિદ્યાર્થીઓનું માનસિક સ્વાસ્થ્ય એક ગંભીર ચિંતાનો વિષય બન્યો છે. ગુજરાત સરકારે ધોરણ ૯ થી ૧૨ ની શાળાઓમાં વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય માટે કાઉન્સેલર રાખવાના નવા નિયમો લાગુ કરવાની જોગવાઈ કરી છે. આ નિર્ણય પાછળનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓનો સર્વાંગી તેમજ કલ્યાણ અર્થે તેમના માનસિક સ્વાસ્થ્યની જાળવણી કરવાનો છે. સરકાર તરફથી આ જાણે વિદ્યાર્થીઓ માટે કોઈ મોટી ગિફ્ટ હોય તેવું દર્શાવાય છે, પરંતુ હકીકત કંઈક અલગ જ છે.

નવા નિયમ મુજબ દરેક શાળામાં સ્કૂલ વેલનેસ ટીમ ફરજિયાત રહેશે. જે શાળાઓમાં વધુ વિદ્યાર્થીઓ હશે, ત્યાં કાઉન્સિલર રાખવો પડશે. આ ઉપરાંત, માર્ક્સના આધારે ભેદભાવ કે જાહેર અપમાન કરી શકાશે નહીં. શિક્ષકોને તાલીમ, ગોપનીય ફરિયાદ વ્યવસ્થા અને જોખમી પરિસ્થિતિમાં તાત્કાલિક મદદ પણ ફરજિયાત રહેશે.

સવાલ એ ઊભો થાય છે કે શિક્ષણ પદ્ધતિ સુધારવાને બદલે શું માત્ર કાઉન્સિલરના ગતકડાંથી પ્રશ્નો હલ થઈ જશે? આજે પરિસ્થિતિ એવી છે કે બાળકો પરીક્ષાના તનાવમાં આપઘાત કરવા લાગ્યા છે. ટાબરિયા જેવા નાના ભૂલકાંઓને પણ પીઠ પર ભારેખમ સ્કૂલ બેગ લાદવામાં આવે છે. આજની ધંધાદારી સ્કૂલો માત્ર ફી ઉઘરાવવા માટે વાલીઓને પણ સતત તનાવ આપે છે.

મોટાભાગની શાળાઓના સંચાલકો કે માલિકો રાજકારણીઓ જ છે, જેના કારણે વેપારીકરણ અટકતું નથી. સરકારે માત્ર ઉપરી ઉપચારો કરવાને બદલે શિક્ષણ પદ્ધતિમાં આમૂલ પરિવર્તન કરવાની જરૂર છે. જ્યાં સુધી શિક્ષણ પ્રથામાંથી ગોખણપટ્ટી અને માર્ક્સની દોડ નહીં ઘટે, ત્યાં સુધી માત્ર કાઉન્સિલર નીમવાથી વિદ્યાર્થીઓનો તનાવ દૂર નહીં થાય. વર્તમાન શિક્ષણ પદ્ધતિ નિષ્ફળ છે, હવે નવા ગતકડાં કરવાને બદલે બ્રેક મારીને પાછા વળવાની જરૂર છે.

શાળામાં કાઉન્સિલર હોવા જરૂરી છે, પરંતુ તે કોઈ જાદુઈ લાકડી નથી. જો શિક્ષણ પદ્ધતિ જ ખામીયુક્ત અને વ્યાપારી બનશે તો વિદ્યાર્થીઓ માનસિક તનાવનો ભોગ બનતા જ રહેશે. સરકારે શિક્ષણ પદ્ધતિના મૂળ પ્રશ્નો પર ધ્યાન આપીને તેને આનંદદાયી અને વ્યવહારુ બનાવવી અનિવાર્ય છે. વિદ્યાર્થીઓના સાચા વિકાસ માટે રાજકીય ઇચ્છાશક્તિ દાખવીને કડક પગલાં લેવા પડશે. શાળા માત્રને માત્ર કારકિર્દી માટે નથી, ભણતર સાથે વિદ્યાર્થીના જીવનનું ઘડતર થવું જોઈએ. વિદ્યાર્થી ઉત્તમ નાગરિક બને તે ઉદ્દેશ શાળાનો હોવો જોઈએ. કાઉન્સેલર રાખવાથી સ્થિતિમાં કોઈ ખાસ પરિવર્તન થઈ જવાનું નથી. શાળા સંચાલકો કાઉન્સલિંગના નામે ફી વધારો ઝીંકીને મોજ કરતા રહેશે.



ભારત જોડાણની રેલીથી દિલ્હીના વેપારીઓને ૧૧,૦૦૦ કરોડનું નુકસાન

રેલીને કારણે આશરે ૨.૫ લાખ દુકાનો બંધ હોવાનો દાવો છૂટક-જથ્થાબંધ વેપારને ૮,૮૦૦ કરોડ રૂપિયાનું નુકસાન

નવીદિલ્હી, તા. ૨

દિલ્હીના રામલીલા મેદાનમાં ભારતની મેગા રેલીને કારણે દિલ્હીના વેપારીઓને ભારે નુકસાન થયું છે. ચેમ્બર ઓફ ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રી (CTI) એ રવિવારે (૧ નવેમ્બર) ૧૦ લાખ લોકોની મેગા રેલીને કારણે દિલ્હીના વ્યવસાયને થયેલા નુકસાનનું વિગતવાર મૂલ્યાંકન બહાર પાડ્યું છે. ઈઝઈ અનુસાર, મેગા રેલીને કારણે દિલ્હીને ૧૧,૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. તેમણે પ્રશ્ન કર્યો કે આ નુકસાન કોણ ભરપાઈ કરશે. ચેમ્બર ઓફ ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રી (CTI) ના ચેરમેન બ્રિજેશ ગોયલે જણાવ્યું હતું કે સર્વે મુજબ, ૧ નવેમ્બરના રોજ એક જ દિવસમાં દિલ્હીને આશરે ૧૧,૦૦૦ કરોડ રૂપિયાનું સીધું નુકસાન થયું છે. તેમણે કહ્યું કે દિલ્હીની રેલી દરમિયાન, દિલ્હીના વિવિધ બજારોમાં લગભગ ૨.૫ લાખ દુકાનો બંધ રહી હતી.

સીટીઆઈના જણાવ્યા અનુસાર, રામલીલા મેદાનની ૫ કિલોમીટરની ત્રિજ્યામાં કાશ્મીરી ગેટ, મોરી ગેટ, ચાંદની ચોક, ચાવરી બજાર, ખારી બાઓલી, નયા બજાર, સદર બજાર, અજમેરી ગેટ, દરિયાગંજ, ભાગજીરા માર્કેટ, મસજીરા બજાર, મસજીરાગંજ સહિત અંદાજે ૩૦૦,૦૦૦ દુકાનો છે. પેલેસ, લાજપત રાય માર્કેટ, કિનારી બજાર, દરિબા કલાન, બલ્લીમારન, ફતેહપુરી, તિલક બજાર, કનોટ પ્લેસ, પાલિકા બજાર, ગફાર માર્કેટ, કરોલ બાગ અને ચાંદની ચોક. તેમાંથી, ૨૫૦,૦૦૦ દુકાનો સંપૂર્ણપણે બંધ રહી હતી, જેમાં ૮૦% ધંધો અટકી ગયો હતો. CTI જણાવે છે કે ધનતેરસ (૬ નવેમ્બર) અને દિવાળી (૮ નવેમ્બર) પહેલા આ પીક સીઝનનો સૌથી મોટો દિવસ હતો. સોનીપત, પાણીપત, ગુડગાંવ, ફરીદાબાદ, ગાઝિયાબાદ, નોઈડા, મેરઠ, બહાદુરગઢ, ઝજ્જર અને અન્ય સહિત નજીકના ૧૦૦ શહેરો અને નગરોમાંથી આવતા ૩,૦૦,૦૦૦-૪,૦૦,૦૦૦ ગ્રાહકોમાં ગભરાટ ફેલાયો હતો, જેના કારણે તેઓ આવી શક્યા નહીં.

ચેરમેન બ્રિજેશ ગોયલના જણાવ્યા મુજબ, સૌથી મોટી કટોકટી પરિવહનની હતી. રામલીલા મેદાનના ૧૦ કિલોમીટરના ત્રિજ્યામાં સમગ્ર પરિવહન વ્યવસ્થા બંધ કરી દેવામાં આવી હતી. લોડિંગ અને અનલોડિંગ કામગીરી બંધ કરવામાં આવી હતી, અને માલની અવરજવર અટકી ગઈ હતી. તેમણે સમજાવ્યું કે દરરોજ, નરેલા, બાવાના, ઓખલા, માયાપુરી, મુંડકા અને ઉદ્યોગ નગર સહિત ૫૬ ઔદ્યોગિક વિસ્તારોમાંથી માલ લઈને ૫,૦૦૦ ટ્રક અને ટેમ્પો આ બજારોમાં આવે છે અને ત્યાંથી ૩,૦૦૦ ટ્રક ગઈછ અને સમગ્ર દેશમાંથી રવાના થાય છે. આજે, તે સમગ્ર સાંકળ તૂટી ગઈ હતી. તેમણે સમજાવ્યું કે ૧૫,૦૦૦-૨૦,૦૦૦ બસો, કાર અને ટેમ્પો જેએલએન માર્ગ, બહાદુર શાહ ઝફર માર્ગ અને નેતાજી સુભાષ માર્ગ પર ફસાયેલા રહ્યા, જેના કારણે સમગ્ર મધ્ય દિલ્હીમાં લોકડાઉન જેવી પરિસ્થિતિ સર્જાઈ. હજારો પરિવહન વાહનો ફસાયા, જેના કારણે ડ્રાઇવરો અને મદદગારો ભૂખ્યા અને તરસ્યા રહ્યા. મધ્ય દિલ્હીના કનોટ પ્લેસ, કરોલ બાગ, પહાડગંજ, ચાંદની ચોક અને દરિયાગંજમાં ૨,૦૦૦ થી વધુ હોટલ, રેસ્ટોરન્ટ, ગેસ્ટ હાઉસ અને ઢાબા પર બુકિંગ રદ કરવામાં આવ્યા. સ્થાનિક હોય કે વિદેશી, રેલીને કારણે પ્રવાસીઓ લાલ કિલ્લો, જામા મસ્જિદ, ચાંદની ચોકની મુલાકાત લઈ શક્યા નહીં.

ગઠબંધન હોય તો પણ, ફક્ત અકાલીઓને જ મત આપો

ખેડૂતોના એક મોટા જૂથે શિરોમણી સમાજવાદી પાર્ટીને બિનરાજકીય સમર્થન આપ્યું

નવીદિલ્હી, તા. ૨

પંજાબના રાજકારણ અને ખેડૂતોના આંદોલન અંગે એક મોટો વિકાસ થયો છે. ભારતીય કિસાન યુનિયન (BKU-કાદિયન) ના રાજ્ય પ્રમુખ હરમીત સિંહ કાદિયનએ તેમની સમગ્ર ટીમ સાથે આગામી વિધાનસભા ચૂંટણીમાં શિરોમણી અકાલી દળ (SAD) ને ટેકો આપવાની જાહેરાત કરી છે. આગામી વિધાનસભા ચૂંટણી પહેલા પંજાબમાં રાજકીય સમીકરણો ઝડપથી બદલાઈ રહ્યા છે. દેશના અગ્રણી ખેડૂત નેતાઓમાંના એક અને ભારતીય કિસાન યુનિયન (કાદિયન) ના પ્રમુખ હરમીત સિંહ કાદિયનએ જિલ્લા પ્રમુખો અને તેમના અસંખ્ય સમર્થકો સાથે શિરોમણી અકાલી દળ (SAD) ને તેમના સંગઠનના સમર્થનનું વચન આપ્યું છે. ખેડૂત સંઘના આ પગલાને શિરોમણી અકાલી દળ માટે એક મોટી ચૂંટણી વ્યૂહાત્મક સફળતા તરીકે જોવામાં આવી રહ્યું છે. વરિષ્ઠ પક્ષ નેતૃત્વની હાજરીમાં શિરોમણી અકાલી દળના ચંદીગઢ મુખ્યાલયમાં એક ખાસ બેઠક બાદ સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી.



આ જાહેરાત બાદ, શિરોમણી અકાલી દળ (SAD) ના વરિષ્ઠ નેતાઓએ હરમીત સિંહ કાદિયન અને તેમની સમગ્ર ટીમનું પાર્ટીમાં સ્વાગત કર્યું. સુખબીર બાદલે કહ્યું કે આજનો દિવસ પંજાબના ખેડૂતો અને ખેડૂત સમુદાય માટે ખૂબ જ ખુશીનો દિવસ છે. હરમીત સિંહ કાદિયન અને તેમની ટીમનો શિરોમણી અકાલી દળ (SAD) પર વિશ્વાસ એ વાતનો પુરાવો છે કે અકાલી દળ એકમાત્ર પ્રાદેશિક પક્ષ છે જે હંમેશા પંજાબના ખેડૂતો અને મજૂરોના હિતમાં મોખરે રહ્યો છે. પાર્ટી એ અન્ય તમામ ખેડૂત અને મજૂર સંગઠનોને પણ અકાલી દળને મજબૂત બનાવવા અપીલ કરી છે જેથી જો તેઓ સત્તામાં આવે તો ખેતીને નફાકારક વ્યવસાય બનાવવા માટે નક્કર નીતિઓ લાગુ કરી શકે. હરમીત સિંહ કાદિયન માંઝા, દોઆબા અને પંજાબના અન્ય પ્રદેશોના ખેડૂતોમાં ખૂબ પ્રભાવશાળી વ્યક્તિ છે. તેઓ સંયુક્ત કિસાન મોરચા (SKM) ના મુખ્ય વ્યૂહરચનાકારોમાંના એક રહ્યા છે અને લોન માફી, પાક માટે ગેરંટીકૃત ખજ્જ અને સ્ટબલ મેનેજમેન્ટ જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ખેડૂતોનો અવાજ સતત ઉઠાવતા રહ્યા છે. હરમીત સિંહ કાદિયન અને તેમના યુનિયનનો અકાલી દળને ટેકો ફરી એકવાર ગ્રામીણ વિસ્તારો પર, ખાસ કરીને જાટ-શીખ અને ખેડૂત મત બેંકોમાં અકાલી દળની પકડ મજબૂત કરશે. મળેલા સમર્થન બાદ, શિરોમણી અકાલી દળે ખેડૂતોને વચન આપ્યું છે કે જો તેઓ સત્તામાં આવશે, તો તેઓ કૃષિ ક્ષેત્રને લગતા તમામ પડતર મુદ્દાઓ અને માંગણીઓને ઉકેલવાને પ્રાથમિકતા આપશે. પાર્ટી કહે છે કે તેઓ પંજાબની ખેતી અને ખેડૂતોના અધિકારોનું રક્ષણ કરવા માટે તેમની લડાઈ ચાલુ રાખશે.

રામ મંદિરના કેસમાં સુપ્રીમે દેખરેખ સ્થગિત કરી

મેજિસ્ટ્રેટને કાર્યવાહી કરવાનો આપ્યો આદેશ : અરજદારો હવે મેજિસ્ટ્રેટને તેમની કાર્યવાહીમાં મદદ કરી શકશે

નવીદિલ્હી, તા. ૨

અયોધ્યામાં રામ મંદિરમાં ભક્તો પાસેથી દાનની કથિત ચોરી અને નાણાકીય ગેરરીતિઓ સાથે સંકળાયેલા કેસમાં સુપ્રીમ કોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. ઉત્તર પ્રદેશ પોલીસે આ કેસમાં ચાર્જશીટ દાખલ કરી હોવાની માહિતી મળતાં, સુપ્રીમ કોર્ટે સ્વતંત્ર અને સીબીઆઈ તપાસની માંગ કરતી અરજીઓનો નિકાલ કર્યો. મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઈ) સૂર્યકાંતની આગેવાની હેઠળની ત્રણ સભ્યોની બેન્ચે જણાવ્યું હતું કે સંબંધિત મેજિસ્ટ્રેટ કોર્ટે હવે કાયદા અનુસાર કાર્યવાહી આગળ વધારવી જોઈએ. જોકે, જાહેર હિતને ધ્યાનમાં રાખીને કોર્ટે અરજદારોને મેજિસ્ટ્રેટ સમક્ષ ફોજદારી કાર્યવાહીમાં મદદ કરવાની મંજૂરી આપી હતી.

સુનાવણી દરમિયાન, ઉત્તર પ્રદેશ સરકારે સુપ્રીમ કોર્ટને જાણ કરી હતી કે તપાસ પૂર્ણ થઈ ગઈ છે અને ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. આ પછી, કોર્ટે કેસનું નિરીક્ષણ ચાલુ રાખવાને બદલે અરજીઓનો નિકાલ કર્યો. બેન્ચે જણાવ્યું હતું કે આ ફક્ત આરોપી અને રાજ્ય વચ્ચેનો મામલો નથી, પરંતુ જાહેર હિતનો મુદ્દો પણ સામેલ છે. તેથી, અરજદારોને મેજિસ્ટ્રેટને તે જ રીતે મદદ કરવાની મંજૂરી છે જે રીતે કાયદો ગુનાના પીડિતને ફોજદારી કાર્યવાહીમાં કોર્ટને મદદ કરવાની મંજૂરી આપે છે. કોર્ટે સ્પષ્ટતા કરી હતી કે આ કેસમાં આરોપોની સત્યતા કે યોગ્યતા અંગે તેણે કોઈ અભિપ્રાય વ્યક્ત કર્યો નથી. મેજિસ્ટ્રેટ કોર્ટ હવે ચાર્જશીટ અને ઉપલબ્ધ પુરાવાઓના આધારે કાયદા અનુસાર કાર્યવાહી કરશે.



અયોધ્યાના શ્રી રામ જન્મભૂમિ મંદિરમાં ભક્તો દ્વારા આપવામાં આવેલા દાન અને પ્રસાદમાં કથિત ચોરી અને અનિયમિતતાનો કેસ પ્રકાશમાં આવ્યો છે. આ મામલે સુપ્રીમ કોર્ટમાં અનેક અરજીઓ દાખલ કરવામાં આવી હતી. અરજદારોએ સીબીઆઈ તપાસ, સ્વતંત્ર તપાસ એજન્સીની રચના અને મંદિર ટ્રસ્ટના નાણાકીય વ્યવહારોની તપાસની માંગ કરી હતી. સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટને સીસીટીવી ફૂટેજના આધારે કથિત રીતે દાનના અનધિકૃત ઉપાડના ૧૦૫ બનાવોની જાણ કરવામાં આવી હતી. તપાસમાં આઠ આરોપીઓની ભૂમિકા બહાર આવી હોવાનું કહેવાય છે. સુપ્રીમ કોર્ટે અગાઉ તપાસની પ્રગતિ પર નજર રાખી હતી અને ઉત્તર પ્રદેશ સરકારની સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (SIT) પાસેથી રિપોર્ટ માંગ્યો હતો. હવે, ચાર્જશીટ દાખલ કર્યા બાદ, કોર્ટે અરજીઓનો નિકાલ કર્યો છે. રામ મંદિર માટે દાનની કથિત ચોરીમાં ચાર્જશીટ દાખલ કર્યા બાદ, સુપ્રીમ કોર્ટે સીબીઆઈ તપાસની માંગ કરતી અરજીઓનો નિકાલ કર્યો છે. અરજદારો હવે કાર્યવાહીમાં મેજિસ્ટ્રેટને મદદ કરી શકશે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

ચિંતનની ક્ષણે

દિવાળીનાં તહેવારોમાં લક્ષ્મી પૂજા, કકળાટ કાઢવો, અને ચોપડા પૂજનનો વિશિષ્ટ અર્થ છે



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારાં સહપરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. દિવાળી એ રામરાજ્ય થયું, અને અસત્ય પર સત્યનાં વિજય માટે પર્વ છે! પરંતુ હાલ સાંપ્રત સમયમાં દિવાળી ઊજવવાના બીજા અન્ય કારણો પણ છે! જેમ કે હમણાં ઈન્સ્ટાગ્રામ પર સતત રીલ વાયરલ થઇ છે કે આ દિવાળીમાં ઘર સફાઈ નું તુત કોણે ઉભું કર્યું! પણ મૂળમાં તો જ્યાં સ્વચ્છતા ત્યાં ઈશ્વર નો વાસ હોય એમ વિચારીને આ પરંપરા શરૂ થઈ! અને એમાં ધન તેરસ એ લક્ષ્મી પૂજા, એટલે કે જે છે એમા અનિતી પ્રવેશે નહીં! મારું મારું થાય નહીં! ઉપરાંત ઘર પરિવારનું પોષણ થાય એટલું આપજે એવો ભાવ. ચૌદસ એ કકળાટ કાઢવો, એટલે કે સંબંધોમાં રહેલી ગ્રંથીઓ ભૂલી જવી! એવાં કકળાટ ને રસ્તો દેખાડવો. દિવાળી એ ચોપડા પૂજન, એટલે કે જમા ઉધાર ની બરોબરી બની રહે એમ વ્યવહાર અને વ્યવસ્થા વિચારવી. નવા વર્ષ એ સ્નેહ મિલન, એટલે સગાં સંબંધી સાથે, તેમજ સમાજના દરેક વર્ગના લોકો સાથે આત્મીયતા વધારવા જે કંઈ થાય એ કરવું. આજનો માનવી ભોગ કેન્દ્રિત જીવન જીવે છે માટે એને કા લક્ષ્મી જોઈએ અથવા તો અમૃત જોઈએ ! બહુ ઓછાને પ્રતિષ્ઠા મુક્ત વિદ્યા જોઈએ છે! પરંતુ

અમૃતનું કામ અમર કરવાનું છે, જ્યારે અમર થવું એની કરતા અભય થવું વધારે મહત્વનું છે, એટલે માત્ર લક્ષ્મી નહીં પણ ભવાની ની પૂજા કરવી, અને મા ભવાનીની આરાધના કરવાથી અભય પદની પ્રાપ્તિ થાય છે. શાસ્ત્રીય આધારે મા ભવાનીના મુખ્ય ત્રણ સ્વરૂપ છે, શક્તિનાં મૂળ ત્રણ સ્વરૂપ એટલે કે મહાકાલી, મહાલક્ષ્મી, અને સરસ્વતીના કાર્ય ક્ષેત્રની વાત કરી.

મહાકાલીનાં ત્રણ કાર્ય ક્ષેત્ર છે, જેમ કે સર્જન કરવું એટલે કે નિર્માણ કરવું પાલનપોષણ કરવું અને નિર્વાણ કરવું. સમસ્ત સૃષ્ટિનું સર્જન મા ભવાની થકી જ છે. માતા પોતાના સંતાનનો ઉછેર એટલે કે પરી પાલન કરે, એમ સમસ્ત જીવસૃષ્ટિનું પાલનપોષણ મા કરે છે, અને સમયે તેનું નિર્વાણ પણ કરે છે. પરંતુ તેમાં મૂળ ભાવ કલ્યાણનો રહેલો છે, આમ ભવભવ પરાભવ વિભવ,એ મુજબ મહાકાલી જીવ કલ્યાણ માટે જ નિર્માણ અને નિર્વાણ બંને કરે છે. આ વાત માત્ર વ્યક્તિ કે વસ્તુની નથી, પરંતુ આંતરિક રીતે ભાવ વિશ્વમાં પણ, સત્ય પ્રેમ અને કરુણાનો વિદ્યા ભાવ પણ મા ભવાની ને કારણે જ શક્ય છે.

મહાલક્ષ્મી, મહાલક્ષ્મી એટલે કે અર્થનું પણ ખૂબ જ મહત્વ છે, અને ધન વગર કોઈ કાર્ય સંભવ નથી એ આપણે સૌ કોઈ જાણીએ છીએ. ધન એ પોતે ચંચળ છે, અને જેની પાસે તેનો વાસ છે, તેને પણ ચંચળ બનાવે છે, તે નદીની જેમ સતત એક લક્ષ્ય સાથે દોડનારી છે. નદીનું અંતિમ લક્ષ્ય સમુદ્રમાં સમાઈ જવાનું છે, એ આપણે સૌ કોઈ માનેલું સત્ય છે. પરંતુ હકીકત એ છે કે નદી દરેક સુધી પહોંચવા માટે થઈને દોડતી હોય છે, અને માર્ગના ખાડાઓ ને ભરતી જાય છે. એટલે લક્ષ્મી પણ ચંચળ હોવાથી એક જગ્યાએ ટકી રહેતી નથી, પરંતુ તેના મુખ્ય સ્વભાવ ઉદારતા ને કારણે તે એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય, ત્યારે માર્ગ ના ખાડા રૂપે સમાજના વંચિત, ઉપેક્ષિત, અને તિરસ્કૃત, એવા સમાજના ખાડા ભરતી જાય છે. દરેક ધનવાન સંવેદનહીન હોય છે એવું નથી, એ વાત કરવા વળી પાછા જયદેવભાઈ માકડની બાવો બોર બાટતાં માંથી એક બોધકથા કહી, જેમાં એક દસેક વર્ષનો છોકરો રમકડાની દુકાને જઈને એક ઢીંગલી પસંદ કરે છે. પૈસા આપવા માટે તૂટેલું પર્સ ખોલે છે, તો એમાં એટલા રૂપિયા હોતા નથી. દુકાનદાર પૂછે છે કે તારે આ ઢીંગલી કેમ ખરીદવી છે? કહ્યું કે મારી બેનને ઢીંગલી બહુ ગમતી હતી, અને એને હું આપવા ઈચ્છું છું. દુકાનદારે પૂછ્યું કે તારી બેન ક્યાં છે? એટલે એને કહ્યું કે મારી બેન એકસીડન્ટમાં મૃત્યુ પામી છે! દુકાનદારે કહ્યું કે તો એ કઈ રીતે શક્ય બને? એણે કહ્યું કે મારી મા હોસ્પિટલમાં છે, અને ડોક્ટરે કહ્યું છે કે આ તેનો અંતિમ તબક્કો ચાલે છે. એટલે મને થયું કે ઢીંગલી લઈ અને એની સાથે મોકલી દઉં, તો મારી મા ખુદ મારી બેનને આપી દેશે કે,લે તારા ભાઈ એ તારે માટે ઢીંગલી મોકલી છે . દુકાનદાર અને રમકડાની દુકાનમાં અન્ય એક ખરીદદાર ધનવાન બંને મોજુદ હતાં. બંનેમાં સંવેદના પ્રગટ થઈ, અને તેમણે એ બાળકને ઢીંગલી આપતા કહ્યું કે બેટા લે આ ઢીંગલી તારી પાસે રૂપિયા છે, એટલા આપી દે, ન આપતો પણ ચાલશે! પેલા ધનવાને પણ કહ્યું કે તમે મારી પાસેથી રૂપિયા લઈ લ્યો! આમ કાયમ લક્ષ્મી સંવેદન હિન હોય છે, એ વાત એટલી હદે સાચી નથી, એમ તેમણે કહ્યું. વિષ્ણુના ચરણોમાં નિત્ય લક્ષ્મીનો વાસ છે, એટલે આવા ઉદાર અને વિશ્વનું પાલનપોષણની જવાબદારી સ્વીકારનારા ધનવાનના ઘરે લક્ષ્મીનો નિત્ય વાસ હોય છે.

સરસ્વતી. સરસ્વતીનાં શબ્દ, સુર, અને સ્વર,આ ત્રણ કાર્યક્ષેત્ર છે, કોઈ વાર એ માત્ર શબ્દથી જ કાર્ય કરે છે, ક્યાંક સુર અને શબ્દ બંનેનો પ્રયોગ હોય છે, તો ક્યાંક શબ્દ સૂર અને સ્વર ત્રણેય થકી કાર્ય સંભવ બને છે. એમણે કહ્યું કે ક્યારેક લાગે કે સરસ્વતી એ સ્વતંત્ર કાર્ય કરી શકતી નથી, ક્યારેક ક્યારેક સરસ્વતી નિયતિના ખેલ માટે વ્યક્તિની જીભે વાસ કરી અને લીલા કાર્ય કરવા માટે અસંભવને સંભવ બનાવતી હોય છે, એટલે જાગૃત રહેવું બહુ જરૂરી છે. જેમકે મંથરા ને કારણે ભગવાન રામને રામરાજ્યની બદલે વનવાસ થયો. અને કુંભકરણ ઇન્દ્રાસનની બદલે નિંદ્રાસન માગી બેઠો. આ ઉપરાંત નિંદા એ વાણીનું પાપ છે, ઈર્ષા એ મનનું પાપ છે, અને દ્વેષ એ ચિત્તનું પાપ છે, મા સરસ્વતી અંતઃકરણ ચતુષ્કોણને સમ રાખવા માટે બહુ મદદ કરે છે, જો સરસ્વતીની સાધના કરતા કંઈક વિદ્યા પ્રાપ્ત થાય અને અહંકાર આવે તો આ ત્રણેય રીતે વિચલિત થવાની શક્યતા રહે છે, અને એટલે જ દરેક વિદ્યાવાન વિવેકી હોય એવું પણ જરૂરી નથી. તો આ દિવાળીના તહેવારોમાં અગિયારસ થી લાભ પાંચમ સુધી માત્ર લક્ષ્મી ના ધન ઐશ્વર્ય સ્વરૂપની નહીં પણ જગત જનની મા જગદંબા નાં ભવાની સ્વરૂપની પૂજા અર્ચના કરી આપણે સૌ શિવ એટલે કલ્યાણ અને શક્તિ એટલે બળ બુદ્ધિ અને વિદ્યા એ સંદર્ભે આપણા સૌના હૃદયમાં નિત્ય નિવાસ કરે એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું, તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

અચ્છા સીલા દીયા તુને મેરે પ્યાર કા...તોપખાનામાં પ્રેમકહાનીનો પ્રેમિકાના આપઘાત સાથે કરૂણઅંત

દગાખોર પ્રેમીને લીધે યુવતિ જીવ આપવા મજબૂર

વીસ વર્ષની કલ્યાણી પાડોશી અભિને અનહદ પ્રેમ કરતી હતી, સર્વસ્વ લૂંટાવી દીધું, પણ અભિએ બીજી સાથે લફરૂ ચાલુ કર્યુઃ તેણીએ વાંધો ઉઠાવતાં કહ્યું આવુ તો થશે જ, તને ન ફાવે તો તું તારી રીતે જીવઃ વિડીયો બનાવી ગળાફાંસો ખાઇ લટકી ગઇઃ પ્રધ્યુમનનગર પોલીસે દાખલ કરી બેવફા પ્રેમી વિરૂધ્ધ એફઆઇઆર

રાજકોટ, તા. ૨

અઢી અક્ષરના પ્રેમમાં પરસ્પર બંનેની એકબીજા સાથે વફાદારી હોય તો જ પ્રેમનો રથ આગળ વધી શકે. બેમાંથી કોઇ એક બેવફા બને તો પ્રેમકહાનીનો કરૂણ અંત આવી જતો હોય છે. આવી જ એક કરૂણ ઘટના શહેરના જામનગર રોડ પર તોપખાનામાં બની છે. જેમાં વીસ વર્ષની એક યુવતિ દગાખોર પ્રેમીના કારણે મરી જવા મજબૂર થતાં આ બેવફા પ્રેમી સામે પોલીસે આપઘાતની દુષ્પ્રેરણાનો ગુનો નોંધ્યો છે. પ્રેમિકાએ વિડીયો બનાવ્યા બાદ આ ફાની દુનિયા છોડી દીધી હતી.

કરૂણ પ્રેમકહાનીની આ ઘટના પર નજર કરીએ તો જામનગર રોડ તોપખાનાની યુવતિ મરી જવા મજબૂર થઇ છે. નોકરીએ ગયેલા પિતાને તેણીએ ફોન કરી હવે હું દુનિયા છોડી જાઉ છું, મારી ભુલચુક માર કરજો તેમ કહી ગળાફાંસો ખાઇ લેતાં સારવારમાં મોત થયું છે. તેણીના મોબાઇલમાંથી એક વિડીયો મળી આવ્યો હતો. જેમાં તેણીએ પડોશમાં જ રહેતાં પ્રેમી અભિની દગાખોરીને કારણે પોતે આ પગલુ ભરી રહ્યાની અને અભિ બીજી કોઇ છોકરી સાથે પણ લફરૂ ધરાવતો હોવાની હકિકત જણાવી છે. પોલીસે આ વિડીયોને આધારે તેણીને મરવા મજબૂર કરનારા પ્રેમી સામે ગુનો નોંધ્યો હતો. તોપખાનામાં રહેતી કલ્યાણી ગોવિંદભાઇ વાઘેલા નામની વીસ વર્ષની યુવતિએ ગત ત્રેવીસમી ઓકટોબરે ગળાફાંસો ખાઇ લીધો હતો.

તેણીને સારવાર માટે દાખલ કરવામાં આવી હતી પરંતુ તે એકત્રીસમી ઓકોટોબરે જિંદગી સામેનો જંગ હારી ગઇ હતી. તેણીના આપઘાત પાછળ પ્રેમીની દગાખોરી, ત્રાસ કારણભુત હોવાનું ખુલ્યું છે. આ બનાવમાં પ્રધ્યુમનનગર પોલીસે જામનગર રોડ પર તોપખાના શેરી નં. ૩માં કરીમભાઇના ગેરેજ સામે રહેતાં પિસ્તાલીસ વર્ષના ગોવિંદ ભાઇ લક્ષ્મણભાઇ વાઘેલા ની ફરિયાદ પરથી અભી કાળુભાઇ મકવાણા વિરૂધ્ધ ગોવિંદભાઇની દિકરીને પ્રેમસંબંધમાં દગો દઇ લગ્નની ના પાડી દઇ મરી જવા મજબૂર કર્યાનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.

એકની એક દિકરી ગુમાવી ચુકેલા ગોવિંદભાઇ વાઘેલા પરિવાર સાથે રહે છે અને વોર્ડ નં. ૫-માં સફાઇ કામદાર તરીકે કામ કરી ગુજરાન ચલાવે છે. તેમણે ફરિયાદમાં જણાવ્યું છે કે મારા પ્રથમ લગ્ન તોપખાનામાં રહેતા બાબુભાઇ ટપુભાઇ પરમારની દીકરી વનીતાબેન સાથે થયેલ હતા અને લગ્ન જીવન દરમીયાન એક દિકરી કલ્યાણી હતી, જે મારા ભેગી રહેતી હતી. પતિ-પત્નિ વચ્ચે મનમેળ ન આવતા ૨૦૦૯માં છુટાછેડા લીધા હતાં.



પિતાને ફોન કરી કહ્યું–હું દુનિયા છોડીને જાઉ છું, પિતાએ ઘરે પહોંચી લટકતી દિકરીને ઉતારી જીવ બચાવ્યો, પણ નવ દિવસ બાદ દમ તોડી દીધો

૨૦૧૯મા મેં બીજા લગ્ન રૈયા ધાર ખાતે રહેતા બટુકભાઇ વશરામભાઇ રાઠોડની દિકરી શોભનાબેન સાથે સમાજ રાહે કર્યા છે. તેના થકી એક દિકરો છે જે છ વર્ષનો છે. ગઇ તા. ૨૩/૧૦ના રોજ સવારના સાડા છએક વાગ્યે મારી નોકરીના સ્થળે રણછોડદાસ આશ્રમ પાસે ગયો હતો. એ દરમિયાને સાંજના આશરે પાંચેક વાગ્યે દિકરી કલ્યાણી નો મને ફોન આવેલ અને મને જણાવેલ કે હું આ દુનીયા છોડી જાઉ છુ મારી ભુલચુક માફ કરજો. તેમ વાત કરી ફોન કાપી નાખેલ જેથી હું તાત્કાલીક મારા મીત્ર દેવજીભાઈ વાઘેલા જેઓ અમારા ભેગા નોકરી કરતા હોઈ તેઓને સાથે લઈ ઘરે પહોંચ્યો હતો.

ત્યારે ઉપરના માળે છતની દિવાલના લોખંડના એંગલમાં હુક સાથે સાડી વડે ગળે ફાંસો ખાઈ લટકતી હાલતમાં દિકરી કલ્યાણી જોવા મળી હતી. મેં અને મારા મિત્રએ તેણીને તુરંત નીચે ઉતારી જોતાં તે બેભાન હતી. આ પછી મારા પત્નિ શોભનાબેન રૈયાધાર હોઇ તેણીને ફોન કરી બોલાવેલ અને ૧૦૮ને પણ જાણ કરી હતી. બાદમાં દિકરીને સારવાર માટે દાખલ કરેલ અને તેની સારવાર દરમીયાન તા.૩૧/૧૦ના રોજ સાંજના ચારેક વાગ્યાના અરસામા ડોક્ટરે મૃત જાહેર કરી હતી. પોલીસ કાર્યવાહી બાદ અંતિમવિધી કરી અમે ઘરે આવ્યા હતાં. આ વખતે મેં દિકરી કલ્યાણીનો મોબાઇલ ફોન જોતાં તેણીએ વિડીયો બનાવ્યો હતો તે જોવા મળ્યો હતો. જેમાં તે બોલતી હતી કે-હું અભી કાળુભાઇ મકવાણાને પ્રેમ કરતી હતી અને હુ તેની સાથે જીંદગી જીવવા માંગતી હતી.

તેણીએ વિડીયોમાં આગળ કહ્યું હતું કે હું તેની સાથે લવ મેરેજ કરવા માંગતી હતી, અભી મકવાણા જે આપણા ઘરની નજીકની શેરીમા રહે છે. પણ તે બીજી કોઈ છોકરીઓ સાથે ફોન ઉપર વાતચીત કરતો હતો. હું તેને આ બાબતે વાત કરતી તો તે કહેતો હતો કે મારે તો બીજી છોકરીઓ સાથે આવાજ લફરા રહેવાના છે અને તને ના ગમતુ હોઈ તો તું તારી રીતે જીંદગી જીવી શકે છે. પણે અભિ મકવાણા સાથે સર્વસ્વ લૂંટાવી દીધુ હોઇ મારી જીંદગી તેના કારણે બગડી છે, તેણે મારી સાથે મરવા જીવવાના વાયદા કર્યા છે, છતા મને અવાર-નવાર મારઝુડ કરી માનસીક તેમજ શારીરિક હેરાનગતી કરતો હોઈ મને મરવા સુધી મજબૂર કરતા મે મારી જીંદગીનો અંત આણવા આ પગલું ભર્યુ છે...તેવુ વીડીયોમાં મારી દિકરીએ જણાવ્યું હતું. ગોદિંભાઇએ વધુમાં જણાવ્યું છે કે અગાઉ મારી દિકરીએ મને અભિ સાથે તેણીને લગ્ન કરવા છે તેવુ કહેતાં મેં તેને હા પણ પાડી હતી.

આમ છતાં અભિએ તેણીની સાથે દગો કરી તેણીને શારીરિક માનસિક ત્રાસ આપ્યો હોઇ તેણી મરી જવા મજબૂર થઇ છે. પ્રધ્યુમનગર પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર એમ. ડી. મકવાણાના માર્ગદર્શનમાં પીએસઆઇ બી. વી. ભગોરાએ ગુનો દાખલ કરી દગાખોર પ્રેમી સામે કાર્યવાહી કરી હતી. એકની એક લાડકવાયીના આપઘાતથી પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. પ્રેમની અનેક એવી કહાનીઓ છે જેનો અંત આ રીતે પ્રેમી અથવા તો પ્રેમિકાની બેવફાઇને કારણે કરૂણ અંત આવ્યો હતો. આ કિસ્સામાં પ્રેમી દગાખોર નીકળ્યો હતો અને તેના કારણે પ્રેમિકા પોતાનો જીવ આપવા મજબૂર થઇ ગઇ હતી.

એરપોર્ટ ફાટક પાસેથી MD ડ્રગ્સ સાથે ઝડપાયા

૪૯.૭૦ ગ્રામ એમ.ડી. ડ્રગ્સ, રિક્ષા, મોબાઈલ અને રોકડ સહિત ૩,૧૦,૩૦૦ નો મુદ્દામાલ કબજે કરતી SOG



રાજકોટ, તા.૨

રાજકોટ શહેર એસ.ઓ.જી. આજે બે શખ્સોને માદક પદાર્થ મેફેડ્રોનના જથ્થા સાથે પકડી પાડ્યા છે. આગામી દિવાળીના તહેવારને અનુલક્ષીને 'SAY NO TO DRUGS' મિશન અંતર્ગત ડ્રગ્સના વેચાણ અને સેવન સામે ચાલી રહેલી કડક ઝુંબેશના ભાગરૂપે આ કાર્યવાહી કરવામાં આવી છે.

બાતમીના આધારે, એસ.ઓ.જી. ની ટીમે એરપોર્ટ રોડ પર એરપોર્ટ ફાટકથી આગળ જૈન દેરાસર વાળા રોડ પર વોચ ગોઠવી હતી. ત્યાંથી પસાર થતીજી.જે.૨૩.ઝેડ.૯૬૭૩ સી.એન.જી. ઓટો રિક્ષાને અટકાવીને તપાસ કરતા, તેમાં સવાર બે શખ્સ ઝમીન ઉર્ફે ઝમલો મયુદ્દીનભાઈ જુણેજા અને સાહીલ ઉર્ફે જાડાબાપુ શફીભાઈ કાદરી પાસેથી ૪૯.૭૦ ગ્રામ એમ. ડી. (મેફેડ્રોન) ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે આરોપીઓ પાસેથી રૂપિયા ૧,૪૯,૧૦૦ ની કિંમતનું ૪૯.૭૦ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ, ૧૦ હજારના બે મોબાઈલ રૂપિયા ૧,૫૦,૦૦૦ ની રિક્ષા અને રોકડા ૧,૨૦૦ મળીને કુલ રૂ. ૩,૧૦,૩૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. તમામ મુદ્દામાલ કબજે કરી બંને આરોપીઓ વિરુદ્ધ રાજકોટ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

પકડાયેલ આરોપી ઝમીન અગાઉ પણ પ્રધ્યુમનનગર અને ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાઓમાં સંડોવાયેલો હોવાનું પોલીસ તપાસમાં ખૂલ્યું છે. રાજકોટ શહેરના ઉચ્ચ પોલીસ અધિકારીઓની સૂચનાથી એસ.ઓ.જી. પીઆઈ એન.બી. ચૌધરી અને પીએસઆઈ આર.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી.ની ટીમે આ સફળ કામગીરી પાર પાડી હતી. પકડાયેલા જથ્થા અંગે એફ.એસ.એલ. અધિકારી સમીર જોષીએ પ્રાથમિક પરીક્ષણ કરી તે ડ્રગ્સ હોવાની પુષ્ટિ આપી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

શેરબજારમાં નાણા ડૂબતા યુવાનનો આપઘાત, જ્યારે વાવડી અને બાબરિયા કોલોનીમાં બે યુવાનોનો આપઘાતનો પ્રયાસ


આપઘાત-બીમારી-અકસ્માતના ૬ બનાવ, ૩ મોત

મેટોડામાં તાવથી શ્રમિકનું મોત, વડવાજડીમાં યુવતીએ ભૂલથી દવાની બદલે એસિડ પી લીધું, સાઈટ પર ૭ માં માળેથી ગબડેલા યુવાનનું મોત

રાજકોટ, તા.૨

રાજકોટમાં ૪૦ ફૂટ રોડ પર આવેલી મુરલીધર સોસાયટીમાં રહેતા ૪૦ વર્ષીય પ્રકાશભાઈ વલ્લભદાસ ગોંડલિયા નામના યુવાને શેરબજારમાં રોકેલા નાણા ડૂબી જતા ચિંતામાં આવી પોતાના ઘરે ઝેરી પાવડર પી લીધો હતો. તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમનું મોત નીપજ્યું હતું. પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું છે કે મૃતક અગાઉ દુબઈ રિફાઈનરીમાં નોકરી કરતા હતા પરંતુ કોરોના કાળથી બે વર્ષથી ઘરે બેઠા હતા. તેમના આપઘાતથી તેમની એકમાત્ર પુત્રીએ પિતાનું છત્ર ગુમાવ્યું છે અને આ અંગે તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

અન્ય એક બનાવમાં વાવડીમાં આવેલા કરણ પાર્કમાં રહેતી ૧૯ વર્ષીય સુહાનાબેન અબ્દુલભાઈ ઝાખરા નામની યુવતીને તેની માતાએ કામ બાબતે ઠપકો આપતા માઠું લાગવાથી તેણીએ ફિનાઈલ પી લીધું હતું. આ ઉપરાંત બાબરિયા કોલોનીમાં રહેતા અને નોનવેજની હોટલ ધરાવતા ૨૦ વર્ષના અસલમ આદમભાઈ સમા નામના યુવાને માનસિક બીમારીથી કંટાળી ફિનાઈલ પીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આ બંને બનાવમાં યુવતી અને યુવાનને ઝેરી અસર થતાં સિવિલ હોસ્પિટલમાં



દાખલ કરવામાં આવ્યા છે. સંબંધિત પોલીસે ઘોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

બીજી તરફ બીમારી અને અકસ્માતના બનાવોમાં લોધિકાના મેટોડામાં કારખાનામાં કામ કરતા ૫૭ વર્ષના શ્રમિક આધેડ નિમરાજભાઈ છેલ્લા ચાર દિવસથી તાવની બીમારીમાં સપડાયા હોવાથી રાજકોટ સિવિલમાં ખસેડાયા હતા, જ્યાં તેમનું મોત નીપજતા શ્રમિક પરિવારમાં શોક છવાયો છે. જ્યારે લોધિકાના જ વડવાજડી ગામે રહેતી ૨૫ વર્ષની પાયલબેન અશોકભાઈ યાદવ નામની યુવતીએ તાવ અને શરદીની દવાના બદલે ભૂલથી એસિડ પી લેતા ઝેરી અસર થવાથી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. આ બંને બનાવો અંગે મેટોડા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જ્યારે અકસ્માતે મોતના એક ગંભીર બનાવમાં, વાવડી વિસ્તારમાં પુનિત નગર રોડ પર આવેલી રાધે એવન્યુ સાઈડ પર ૩૦ વર્ષીય નાનેશ ટોલસિંઘ ભુરીયા નામના યુવાનનું સાતમા માળેથી પડી જવાથી મોત નીપજ્યું છે. તા. ૦૨/૧૧/૨૦૨૬ ના રોજ સવારે સાડા અગિયાર વાગ્યાની આસપાસ આ યુવાન અગમ્ય કારણોસર સાતમા માળેથી ગબડી પડતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. તેને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ઈમરજન્સી ઝમના ફરજ પરના ડોક્ટરે તપાસીને બપોરે ૧:૪૧ વાગ્યે તેને મૃત જાહેર કર્યો હતો. રાજકોટ તાલુકા પોલીસે આ અંગે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વૃદ્ધ- યુવતી ગૂમ

રાજકોટમાં ગુમ થવાના બે અલગ-અલગ બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે. આજી ડેમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી વિગત મુજબ, માર્કેટિંગ યાર્ડ પાસે સાગરનગર શેરી નં. ૫ માં રહેતા ૬૫ વર્ષીય રાયાભાઇ દેવજીભાઇ વઢીયારા ગત ૩૧/૧૦/૨૦૨૬ ના રોજ રાત્રે આઠ વાગ્યાની આસપાસ પોતાના ઘરેથી કોઇ કારણસર નીકળી ગયા હતા અને હજુ સુધી તેમની કોઈ ભાળ મળી નથી. તેમના પુત્ર પ્રવિણભાઇએ આ અંગે પોલીસમાં ગુમનોંધ કરાવી છે.

બીજા બનાવમાં, જામનગર રોડ પર એકતાનગર સોસાયટી શેરી નં. ૦૬ માં રહેતી ૧૯ વર્ષીય અનુબેન વિજયભાઈ પ્રજાપતિ નામની યુવતી ગત ૨૯/૧૦/૨૦૨૬ ના રોજ બપોરે ૧ વાગ્યાની આસપાસ ઘરેથી કહ્યા વગર જતી રહી છે. આ અંગે યુવતીની માતા લક્ષ્મીબેન દ્વારા ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં કરવામાં આવતા પોલીસે શોધખોળ આદરી છે.

કંપનીના નામે નકલી વ્હોટ્સએપ ગ્રુપ બનાવી એડ કરી આઇપીઓ, શેરમાં રોકાણની ટીપ્સ આપી

ચાર કરોડનો નફો બતાવાયો મળ્યું ફદીયુંય નહિ!

યુવાનને શેરબજારમાં રોકાણ પર સાતસો છ ટકા નફાની લાલચ દઇ તેર લાખ ત્રેસઠ હજાર પડાવી લેવાયા

રાજકોટ, તા.૨

સાયબર ગઠીયાઓ રોજબરોજ લોકોને ઓનલાઇન લાલચો આપીને છેતરી રહ્યા છે. વધુ એક મોટી ઠગાઇ થઇ હતી. જેમાં શેર બજારમાં રોકાણ પર સાતસો છ ટકા નફો આપવાની લાલચ આપી યુવાનને તેર લાખ ત્રેસઠ હજારનો ચૂનો લગાવી દેવાયો હતો. કંપનીના નામે નકલી એપ્લીકેશન અને વ્હોટ્સએપ ગ્રુપ બનાવી તેમાં એડ કરી ઠગાઇ કરી લેવામાં આવી હતી. આ યુવાને રોકાણ કર્યા બાદ શરૂઆતમાં થોડો નફો આપી રકમ ઉપાડવા દેવા હતી. આ પછી તેણે વધુ રોકાણ કરતાં તેના ખાતામાં ત્રણ કરોડ છન્નુ લાખનો નફો બતાવાયો હતો. પરંતુ આ નફાની રકમ ઉપાડવાનો પ્રયાસ કરતાં તેની પાસે ટેક્સ સહિતના નામે વધુ સવા ઓગણીસ લાખની માંગણી કરવામાં આવતાં ઠગાઇ થયાની ખબર પડી હતી.

વિગતો પર નજર કરીએ તો આ બનાવ વડોદરાનો છે. શહેરમાં શેરબજારમાં રોકાણ કરીને દરરોજ દસથી વીસ ટકા અને ટૂંકાગાળામાં ૭૦૬ ટકા સુધીનું વળતર મેળવવાની લાલચ આપીને સાયબર ઠગોએ એક યુવક સાથે તેર લાખ ત્રેસઠ હજારની ની ઓનલાઇન છેતરપિંડી આચરી હતી. સેમકો સિક્યુરીટીઝ લીમીટેડ નામની કંપનીના લોગોનો દુરૂપયોગ કરીને ઠગોએ વોટ્સએપ ગ્રુપ, એપ્લિકેશન અને સર્ટિફિકેટ તૈયાર કર્યા હતા. શરૂઆતમાં નાની રકમ પરત આપી વિશ્વાસ જીત્યા બાદ લાખો રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા હતા. આ મામલે પીડિત યુવકે ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની તપાસ હાથ ધરી હતી.

પોલીસે જણાવેલી વિગતો મુજબ વડોદરાના ગુરુકુળ ચાર રસ્તા પાસે રહેતા અને ખાનગી કંપનીમાં ડિલિવરી એનાલિસ્ટ તરીકે નોકરી



કરતા યુવક સાયબર ઠગાઈનો ભોગ બન્યા છે. થ્રેડ્સ એપ્લિકેશન પરથી મેસેજ આવ્યા બાદ તેમને શેરબજારની ટિપ્સ આપતા પ્રોસ્પર ટુગેધર નામના વોટ્સએપ ગ્રુપમાં જોડવામાં આવ્યા હતા. આ ગ્રુપમાં જાણીતી સિક્યોરિટીઝ કંપનીના ડાયરેક્ટર અને મેનેજર તરીકે ઓળખ આપતા શખ્સો માર્ગદર્શન આપતા હોવાનો નાટક કરતા હતા. ત્યારબાદ યુવકન વન ઓન વન વીઆઇપી નામના બીજા ગ્રુપમાં જોડીને આઇપીઓ અને શેરમાં રોકાણ કરવાથી વધુ નફો મળવાની લાલચ આપવામાં આવી હતી. શરૂઆતમાં તેમને સેમ પ્રો નામની એપ્લિકેશન ડાઉનલોડ કરાવીને પિતાના નામે ટ્રેડિંગ એકાઉન્ટ બનાવડાવ્યું હતું. શરૂઆતમાં રૂ.૨૦ હજારનું રોકાણ કરાવ્યા બાદ વિવિધ બેન્ક ખાતાંમાં કુલ ૧૩,૬૩,૧૦૦ ટ્રાન્સફર કરાવ્યા હતા અને વિશ્વાસ જીતવા કેટલીક રકમ પરત પણ આપી હતી.

ત્યારબાદ એપ્લિકેશનમાં ૭૦૬ ટકા નફો થયો હોવાનું દર્શાવી કુલ ૩.૯૬ કરોડ જમા હોવાનું બતાવવામાં આવ્યું હતું. આ રકમ ઉપાડવાનો પ્રયાસ કરતાં ઠગોએ પરફોર્મન્સ ફી તરીકે બે દિવસમાં વધુ રૂપિયા૧૯,૨૫,૧૬૫ જમા કરાવવાની માગણી કરી હતી. આટલી મોટી રકમની માગણી થતાં યુવકને શંકા ગઈ હતી. દરમિયાન મૂળ કંપનીના ડાયરેક્ટરના સત્તાવાર ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર બોગસ વોટ્સએપ ગ્રુપ બનાવી છેતરપિંડી થતી હોવાનો વીડિયો જોવા મળતાં કૌભાંડનો પર્દાફાશ થયો હતો. આથી યુવકે ૧૫ ઓક્ટોબરના રોજ ૧૯૩૦ સાયબર હેલ્પલાઇન પર ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ બનાવટી એપ્લિકેશન, વોટ્સએપ ચેટ અને બેન્ક સ્ટેટમેન્ટ સાથે ઇ-એફઆઇઆર દાખલ કરાવતાં તપાસ શરૂ કરવામાં આવી હતી.

જન્મે એમના મૃત્યુ નિશ્ચીત હોય, પણ અણધારી ઓચીંતી વિદાય કારમા આઘાત આપી જાય

‘ધાર્મિક યાત્રા’ વયોવૃદ્ધ માટે બની ‘અંતિમ યાત્રા’!

છાંસઠ વર્ષના વૃધ્ધ નાથદ્વારા દર્શન કરીને પરત આવતાં હતા ત્યારે બસમાં જ શ્વાસ થંભી ગયાઃ બીજી ઘટનામાં ડેન્ટીસ્ટ યુવાન, ત્રીજીમાં નર્સિંગ કર્મચારી યુવાનના બેભાન હાલતમાં મોતઃ ચોથા બનાવમાં આધેડનું બેભાન હાલતમાં મૃત્યુઃ પાંચમી ઘટનામાં ગૂમ થયેલા એક વૃધ્ધની લાશ મળી આવી

રાજકોટ, તા. ૨

માણસની જિંદગીની સફર કોઇપણ ક્ષણે કોઇપણ જગ્યાએ અને કોઇપણ રીતે ખતમ થઇ જતી હોય છે. આવી ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. જેમાં અચાનક જ માણસ આ ફાની દુનિયામાંથી વિદાય લઇ લેતો હોય છે. આવી પાંચ અલગ અલગ ઘટના બની હતી. જેમાં એક વૃધ્ધ બીજા બે વૃધ્ધ મિત્રો સાથે નાથદ્વારાના દર્શને ગયા હતાં. ત્યાંથી પરત આવતી વખતે બસમાં જ તેમની જિંદગીનો અંત આવી ગયો હતો. અન્ય કિસ્સામાં એક દાંતના ડોકટર એવા યુવાનનું, અને એક નર્સિંગ કર્મચારીનું બેભાન હાલતમાં મૃત્યુ થયું હતું. તો અન્ય બનાવમાં ગૂમ થયેલા વૃધ્ધનો મૃતદેહ મળી આવ્યો હતો. એક આધેડનું પણ બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયું હતું.

વિગતો જોઇએ તો શહેરના ગોંડલ રોડ પર આવેલા સદ્‌ભાવના વૃધ્ધાશ્રમમાં રહેતાં વૃધ્ધ બીજા બે વૃધ્ધ સાથે નાથદ્વારા દર્શન કરવા ગયા હોઇ બસ મારફત પરત રાજકોટ આવતી વખતે રસ્તામાં જ હૃદય બેસી જતાં જિંદગીની સફરનો અંત આવી ગયો હતો. બસ રાજકોટ પહોંચ્યા પછી તેઓ સીટમાં બેભાન મળતાં હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃતદેહ જ પહોંચ્યાનું જાહેર થયું હતું. સદ્‌ભાવના વૃધ્ધાશ્રમમાં રહેતાં મુળ મુંબઇના છાંસઠ વર્ષના યોગેશભાઇ પોપટભાઇ ઉદેશીઅને અન્ય બે સિનીયર સિટીઝન મળી ત્રણ લોકો રાજકોટથી નાથદ્વારાની યાત્રાએ, દર્શને ગયા હતાં. પણ યોગેશભાઇને ખબર નહોતી કે આ યાત્રા તેમની જિંદગીની અંતિમયાત્રા બની રહેવાની છે!

નાથદ્વારા દર્શન કરી ત્યાંથી રાતે લક્ઝરી બસ મારફત પરત રાજકોટ આવવા નીકળ્યા હતાં. સવારે ચાર વાગ્યે બસ રાજકોટ બીગ બાઝાર વેસ્ટ ઝોન પાસે પહોંચી ત્યારે યોગેશભાઇ સીટમાં ઉંઘતા હોય એ રીતે બેઠા હોઇ સાથેના બે લોકોએ તેમને જગાડવા છતાં નહિ જાગતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. પરંતુ તબિબે નિષ્પ્રાણ જાહેર કરતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે તાલુકા પોલીસને જાણ કરી હતી. હૃદય રોગનો હુમલો આવી ગયાની શક્યતા જણાવાઇ હતી.પોલીસે મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. સાથેના સિનીયર સીટીઝને જણાવ્યું હતું કે રાતે બસ શામળાજી ખાતે હોલ્ટ થઇ ત્યારે યોગેશભાઇ અને અમે જમીને બસમાં બેઠા હતાં. યોગેશભાઇ સુતા બાદ સવારે જાગ્યા જ નહોતાં.



બીજી ઘટના જોઇએ તો કિસાનપરા ચોક એકતા રેસીડેન્સી ખાતે રહેતાં પાંત્રીસ વર્ષના પાર્થભાઇ પ્રફુલભાઇ સોલંકી નામના ડેન્ટીસ્ટ તબિબ યુવાન ઘરે રાતે દસેક વાગ્યે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે એ-ડિવીઝન પોલીસને કરી હતી.


મૃત્યુ પામનાર પાર્થભાઇ ડેન્ટીસ્ટ હતાં અને અગાઉ મિતાણામાં ક્લીનીક ચલાવતાં હતાં. તે માતા-પિતાના એકના એક આધારસ્તંભ પુત્ર હતાં. સંતાનમાં એક દિકરી છે. રાતે એકાએક શ્વાસ ચડતાં તકલીફ થતાં ૧૦૮ બોલાવી સારવાર માટે ખસેડ્યા હતાં. પરંતુ જીવ બચ્યો નહોતો. એ-ડિવીઝન પોલીસે મોતનું ચોક્કસ કારણ જાણવા મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

ત્રીજી ઘટના જોઇએ તો બેભાન હાલતમાં નર્સિંગ સ્ટાફમાં નોકરી કરતાં યુવાનનું મૃત્યુ થયું હતું. ભક્તિનગર સ્ટેશન પ્લોટ-૪માં ખોડીયાર ચોક પાસે રહેતાં પંકજભાઇ જગદીપભાઇ બોડાત નામના છત્રીસ વર્ષના યુવાન ઘરે બેભાન થઇ જતાં સારવાર દરમિયાન મૃત્યુ થતાં એ-ડિવીઝન પોલીસે કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. મૃત્યુ પામનાર ખાનગી હોસ્પિટલમાં નર્સિંગ સ્ટાફમાં નોકરી કરતાં હતાં. લિવરની બિમારીથી મૃત્યુ થયાનું બહાર આવ્યું હતું.

ચોથા બનાવ પર નજર કરીએ તો રાજકોટ-મોરબી હાઇવે પર કાગદડીના પાટીયા પાસે ભાવનગરના માલપર ગામના વૃધ્ધ બેભાન થતઇ જતાં મોત થયું છે. ટ્રકના ક્લીનર તરીકે તેઓ કામ કરતાં હોઇ તેઓ પાંચ દિવસ પહેલા મોરબી રોડ કાગદડી પાસે આવ્યા બાદ ત્યાંથી ગૂમ થયાની જાણ પોલીસને કરવામાં આવી હતી. ભાવનગરના ઘાઘા તાબેના માલપર ગામે રહેતાં બીજલભાઇ નાનજીભાઇ સોલંકી નામના ચિમોતેર વર્ષના વૃધ્ધ ટ્રકમાં ક્લીનર તરીકે કામ કરતાં હોઇ તા. ૨૭/૧૦ના રોજ રાજકોટ આવ્યા હતાં.

અહિ મોરબી હાઇવે પર કાગદડીના પાટીયા પાસેથી તે ગૂમ થઇ જતાં કુવાડવા પોલીસમાં ગૂમ થયાની નોંધ કરાવાઇ હતી. પોલીસે તપાસ શરૂ કરી હતી એ દરમિયાન તેઓ કાગદડી પાટીયે માધવ હોટલ પાસેથી બેભાન મળી આવ્યા હતાં. ૧૦૮ બોલાવાતાં તેમને મૃત જાહેર કરવામાં આવતાં કુવાડવા રોડ પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનારને સંતાનમાં ત્રણ દિકરા છે, પોતે એક બહેન અને ત્રણ ભાઇમાં મોટા હતાં. બિમારીથી મૃત્યુ થયું કે હાર્ટએટેક આવ્યો? તે જાણવા પોલીસે પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

પાંચમા બનાવમાં મેટોડા ગેઇટ-૩માં શીલ્પ સિરામીક મેટલ પાસે રહેતાં ઓગણપચાસ વર્ષના ભીમરાજ ઇન્દ્રજીત કેવન બેભાન થઇ જતાં સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં મેટોડા પોલીસને જાણ કરવામાં આવી હતી તે મુળ ઓરીસ્સાના વતની હતાં અને ત્રણ ભાઇમાં નાના હતાં તેમજ કારખાનામાં કામ કરતાં હતાં. લિવરની બિમારી હોવાનું તપાસમાં ખુલ્યું હતું. આમ પાંચ ઘટનાઓમાં અલગ અલગ પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવી દેતાં કલ્પાંત સર્જાયો હતો.



જીણી જીણી વાતે ગરમ થઇ જનારા ગમે ત્યારે ગમે ત્યાં ખેલ માંડી બેસે

ફોન કરી ઘરે આવ્યા ને મચાવી ધમાલ

મહિલા સાથે પતિના જ મિત્ર સહિતનાની બટાઝટીઃ બીજી ઘટનામાં ડખ્ખો કરનારે છરી કાઢી પછી પોતે જ પોલીસ બોલાવી

પોલીસે કાયદો સમજાવ્યોઃ ત્રીજી ઘટનામાં પાણીપુરીની લારી રાખવા મામલે જામી પડીઃ સામસામે દાખલ થઇ એફઆઇઆર

રાજકોટ તા. ૨

નાની મોટી નવી જુની વાતે માથાકુટ, મારામારી, ધાકધમકીના બનાવો રોજબરોજ બનતા રહે છે. વધુ આવી ત્રણ ઘટના સામે આવી હતી. જેમાં એક કિસ્સામાં એક પરિણીતાને તના જ પતિના મિત્ર સહિતનાએ ફોનમાં ધમકી દઇ પછી ઘરે આવી ધમાલ મચાવી છેડતી પણ કરી હતી. તેમજ ઘર પાસે રાખેલી દાનપેટીમાં અને ઘરમાં પણ તોડફોડ કરવામાં આવી હતી. તમારા ઘરે ગુંડ મોકલુ છું, કુલ તૈયારીમાં જ છીએ તેમ કરી આ ડખ્ખો કરાયો હતો. બીજી મારામારીની ઘટનામાં એક શખ્સે છરી કાઢી ડખ્ખો કરી પછી પોતે જ પોલીસને બોલાવી હતી. પોલીસે તેની સામે કાર્યવાહી કરી હતી. ત્રીજી બાકાળીકીની ઘટનામાં શાકભાજીની લારી પાસે પાણીપુરીની લારી રાખવા મામલે ધમાલ મચી ગઇ હતી.

પ્રથમ બનાવ જોઇએ તો ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતી પરિણીતાને ફોન પર ગાળો દઇ ધમકી આપ્યા બાદ તેના સાસરાનો કાઠલો પકડી સાસુના વાળ પકડી ઢસડીને સીમેન્ટના બ્લોકના ઘા કરી ત્રણ શખ્સોએ શેરીમાં દાનપેટી અને ઘરમાં બેડમાં નુકશાની કર્યાની ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરીયાદ દાખલ કરાવાઇ હતી. ગાંધીગ્રામ પોલીસે આ મામલે ૨૬ વર્ષીય પરિણીતાની ફરીયાદ પરથી અંકિત શાહ, યશ પટેલ અને સાગર ખત્રી ઉર્ફે સાગી સામે ગુનો દાખલ કરી ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા. પરિણીતાએ ફરીયાદમાં જણાવ્યું કે, તે પતિ અને સાસુ સસરા સાથે રહે છે. આરોપી અંકિત અને યશ તેના પતિના મિત્રો હતા બે દિવસ પહેલા તેના સસરાને આરોપી યશે ધક્કો માર્યો હતો બાદમાં ફોન કરીને અવાર નવાર પરેશાન કરતો હતો.

આગળ જણાવાયું હતું કે શનીવારે રાત્રે તે નજીકમાં આવેલી માર્કેટમાં ઘરવખરી ખરીદતી હતી ત્યારે આરોપી યશે ફોન કરી ગાળો આપી ‘તમારા ઘરે ગુંડા મોકલું છું તમારા પતિને બચાવી લેજો તેવડ હોય તો, ફૂલ તૈયારીમાં જ છીએ’ તેમ કહયુ હતું, ત્યારબાદ ત્રણેય આોપીઓ તેના ઘર પાસે ઘસી ગયા હતા. તેના સસરા શેરીમાં મંદિરે પ્રસાદ વહેચતા હતા ત્યારે ત્રણેય ઘરમાં ઘુસી આરોપી અંકિતે સસરાનો કાઠલો પકડી શેરી બહાર કાઠયા હતા, જયારે સાગરે સાસુના વાળ પકડી ઢસડીને ‘તારા દિકરાને બોલાવ’ કહયું હતું આ સમયે શેરી બહાર ઉભેલો યશ પથ્થર શોધતો હતો તેણે પોલીસમાં જાણ કરતા પોલીસવાન જોઇ આરોપી ત્યાંથી જતા રહયા હતા જેથી તે ફરિયાદ કરવા પોલીસ મથકે ગયા હતા. દરમીયાન પાછળથી ફરી આરોપીઓએ તેના ઘર પાસે જઇ સિમેન્ટના બ્લોકના ઘા કરી ભાગી ગયા હતા જેમાં શેરીમાં રહેલી દાનપેટીને અને ઘરમાં બેડને નુકશાની થઇ હતી હાલ ગાંધીગ્રામ પોલીસે ગુનો દાખલ કરી આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.



બીજી એક ઘટના જોઇએ તો શહેરમાં છરી અને દારૂ પી નિકળતા શખ્સોને પોલીસ પકડતી હોય છે પરંતુ કઇક એવા પણ કિસ્સા પણ બનતા હોય છે જે લોકોને આશ્ચર્યચકિત કરી દેતા હોય છે. જેમાં ઝઘડા થયા બાદ છરી બતાવનાર શખ્સે જ પોલીસને બોલાવતા પોલીસે છરી કબ્જે કરી તેની સામે કાર્યવાહી કરી હતી. થોરાળા પોલીસ મથકનાં એએસઆઇ જી.ડી. શિયાર, કોન્સ. નિતીનભાઇ રંગપરા, કિશનભાઇ માલકીયા સહિતનો સ્ટાફ નોકરી પર તો ત્યારે પોલીસવાન જનરક્ષક કેડરના એએસઆઇ વિરાભાઇ ચાવડા કોલના આધારે રિક્ષા ચાલક શામ માનસિંગભાઇ ચાવડાને છરી સાથે પોલીસ મથકે લઇ આવ્યા હતા. ત્રેવીસ વર્ષનો આ શખ્સ રૈયા રોડ પર વૈશાલીનગરમાં રહે છે.

ત્રીજી માથાકુટનો બનાવ ગોંડલમાં બન્યો હતો. ગોંડલ તાલુકાના મોવીયા ગામે ગોવિંદનગર બસ સ્ટેન્ડ પાસે શાકભાજીની લારી પાસે પાણીપુરીની લારી રાખવા બાબતે બે પક્ષો વચ્ચે મારામારી થતા પિતા-પુત્ર સહિત ત્રણને ઈજા થઇ હતી. ગોંડલ તાલુકા પોલીસે આ મામલે સામ-સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી. વિગતો જોઇએ તો આ મામલે મોવીયામાં ગોવિંદનગર બસ સ્ટેન્ડ પાછળ રહેતા પચાસ વર્ષના હકાભાઇ વજાભાઇ બાંભવાએ ભરત જાગાભાઇ વાડોદરીયા તેના પુત્ર પ્રદીપ અને પત્નની રેખાબેન સામે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યું કે, તેણે આરોપીઓની શાકભાજીની લારી પાસે પાણીપુરી વાળાની લારી રાખવાની કહેતા ગાળો દઇ આરોપીઓએ બોલાચાલી કરી પાઇપથી હુમલો કરી ઇજા કરી હતી.

સામા પક્ષે પિસ્તાલીસ વર્ષના ભરતભાઇ જાગાભાઇ વાડોદરીયાએ હકા વજાભાઇ બાંભવા તેના બે ભાઇઓ ઉકા અને ભુપત સામે ફરીયાદ નોંધાવી હતી. જેમા જણાવ્યું કે શાકભાજીની લારી પાસે પાણીપુરી વાળાની રેકડી રાખવાની ના પાડતા તેની અને તેના પુત્ર અજય ઉર્ફે પ્રદીપ સાથે બોલાચાલી કરી હકો ત્યાથી જતો રહયો હતો. થોડીવાર બાદ ત્રણેયે ઘસી આવી લાકડીથી હુમલો કરતાં બન્નેને ઇજા થઇ હતી. જયારે તેની પત્નીને ગાળો દઇ ભાંડી તેને ધમકી આપી હતી.વાળાની લારી રાખવાની કહેતા ગાળો દઇ આરોપીઓએ બોલાચાલી કરી પાઇપથી હુમલો કરી ઇજા કરી હતી. સામા પક્ષે ભરત જાગાભાઇ વાડોદરીયાએ હકા વજાભાઇ બાંભવા તેના બે ભાઇઓ ઉકા અને ભુપત સામે ફરીયાદ નોંધાવી હતી. જેમા જણાવ્યું કે શાકભાજીની લારી પાસે પાણીપુરી વાળાની રેકડી રાખવાની ના પાડતા તેની અને તેના પુત્ર અજય ઉર્ફે પ્રદીપ સાથે બોલાચાલી કરી હકો ત્યાથી જતો રહ્યો હતો. થોડીવાર બાદ ત્રણેયે ઘસી આવી લાકડીથી હુમલો કરતાં બન્નેને ઇજા થઇ હતી. જયારે તેની પત્નિ ગાળો દઇ ભાંડી તેને ધમકી આપી હતી. આમ ત્રણ સ્થળે ધબધબાટીની અલગ અલગ ઘટનામાં પોલીસે કાર્યવાહી કરી હતી.

જાહેરાતના બલૂનમાં બ્લાસ્ટ ચાર મજૂર દાઝી ગયા

મોટેલ ધી વિલેજ પાસે બનાવઃ મજૂરો સારવાર હેઠળ

રાજકોટ તા. ૨

એક આકસ્મિક ઘટનામાં ચાર મજૂરો જાહેરાતના મોટા બલૂનમાં હવા ભરતી વખતે ભડકો થતાં દાઝી ગયા હતાં. શહેરના કાલાવડ રોડ પર એમટીવી હોટલ પાસે જાહેરાતનું બલૂન ઉતારતી વખતે તેમાં આગ લાગતાં ચાર મજુર દાઝી જતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. આ બનાવ શનિવારે સાંજે બનયો હતો. દાઝી ગયેલા મજૂરો આસામ, કોડીનારના વતની છે.કાલાવડ રોડ એમટીવી પાસે ૩૧મીએ શનિવારે સાંજે અગાઉ લગાવવામાં આવેલુ નવરાત્રીના કાર્યક્રમની જાહેરાતનું બલૂન ચાર મજૂરો નીચે તિારી તેમાં હવા ભરતાં હતાં ત્યારે તેમાં અચાનક બ્લાસ્ટ થતાં આગ લાગતાં ચાર મજૂર દાઝી જતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે તાલુકા પોલીસમાં નોંધ કરાવી હતી. વધુ માહિતી અનુસાર દાઝી ગયેલા ચાર જણાના નામ મુકેશભાઇ ડાયાભાઇ ચુડાસમા (ઉ.વ.૩૮-રહે. કોડીનાર) તથા વિરસિંગ રામપ્રસાદ સિંગ (ઉ.વ.૨૮-આસામ), બીબલ ખુશરૂ કુશરો (ઉ.વ.૩૦-આસામ) અને બુધીયા લાલુભાઇ કુશરો (ઉ.વ.૩૦-આસામ) છે. બલૂનમાં બ્લાસ્ટ થવાથી ચારે મોઢા, શરીરે દાઝી ગયા હોઇ સારવાર માટે દાખલ કરાયા હતાં. પોલીસે નિવેદન નોંધવા તજવીજ કરી હતી.

મહામુલી જિંદગીથી અલગ અલગ કારણોસર ત્રણ લોકોએ છેડો ફાડી લીધોઃ પરિવારોમાં શોક

આર્થિક ભીંસથી કંટાળી યુવાનનો આપઘાત

નોકરી છુટી ગયા પછી બેકાર હતાં, શેર બજારમાં નાણા પણ ગયા એટલે પગલુઃ બીજી ઘટનામાં બિમારીથી થાકી વૃધ્ધાએ એસિડ પીને અને ત્રીજા બનાવમાં યુવાને અકળ કારણે ઝેર પી દુનિયા છોડી

રાજકોટ, તા. ૨

અલગ અલગ કિસ્સાઓમાં અપમૃત્યુના વધુ ત્રણ બનાવો સામે આવ્યા હતાં. આ બનાવોને કારણે જે તે હતભાગી મૃતકોના પરિવારોમાં ગમગીની વ્યાપી ગઇ હતી. જેમાં એક કિસ્સામાં નોકરી છુટી ગયા બાદ બેકાર થઇ ગયેલા યુવાને શેર બજારમાં નાણા ગુમાવી દેતાં ઝેરી પાવડર પી જીંદગી ટુંકાવી લીધી હતી. બીજા બનાવમાં એક મહિલાએ બિમારી સામે થાકી હારી જઇ એસિડ પી દુનિયા છોડી દીધી હતી. તો ત્રીજા બનાવમાં એક યુવાને પણ અકળ કારણોસર ઝેર પી જીવ આપી દીધો હતો.

વિગતો પર નજર કરીએ તો શેર બજારમાં નાણા ગુમાવવાને કારણે અને આર્થિક ભીંસને કારણે એક યુવાને આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઇ છે. મવડીની મુરલીધર સોસાયટીમાં રહેતાં યુવાને ઝેરી પાવડર પી લેતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. પરંતુ સારવાર કારગત નિવડી નહોતી. મવડી ચાલીસફુટ રોડ પટેલનગર પાસે આવેલી મુરલીધર સોસાયટીમાં રહેતાં ચાલીસ વર્ષના પ્રકાશભાઇ વલ્લભદાઇ ગોંડલીયાએ એકત્રીસમીએ બપોરે ઘરે સેલ્ફોસ નામનો ઝેરી પાવડર પી લેતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં.

પરંતુ અહિ સારવાર દરમિયાન આજે વહેલી સવારે અંતિમ શ્વાસ લઇ લેતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે તાલુકા પોલીસને જાણ કરી હતી. વધુ વિગતો અનુસાર આપઘાત કરી લેનારા પ્રકાશભાઇ ગોંડલીયા-પ્રજાપતિ બે ભાઇ અને એક બહેનમાં નાના હતાં. સંતાનમાં એક દિકરી છે. સગાના કહેવા મુજબ પ્રકાશભાઇ અગાઉ દુબઇ ખાતે રીફાઇનરીમાં નોકરી કરતાં હતાં. પણ કોરોના થયા બાદ તેમની તબીયત બગડતાં કંપનીમાંથી રીજેક્ટ કરવામાં આવ્યા હતાં. ત્યારબાદ હાલ રાજકોટ રહેતાં હતાં. તેઓ આર્થિક સંકડામણમાં હતાં અને શેર બજારમાં પણ થોડીઘણી રકમ ગુમાવી દીધી



હતી. હાલમાં કોઇ કામ ધંધો ન હોઇ બેકાર થઇ ગયા હોઇ તેના કારણે ટેન્શનમાં આવીને આ પગલુ ભરી લીધાની શક્યતા હોઇ શકે છે. તેમ સગાએ કહ્યું હતું. પોલીસે તપાસ યથાવત રાખી હતી.

બીજી આપઘાતની ઘટના જોઇએ તો ગાયત્રીનગરમાં રહેતાં વૃધ્ધાએ એસિડ પી આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. અઠવાડીયા પહેલા તેમણે આ પગલુ ભરતાં અલગ અલગ હોસ્પિટલમાં સારવાર અપાવાઇ હતી. પરંતુ સારવાર કારગત નહિ નીવડતાં આજે દમ તોડી દીધો હતો. ગાયત્રીનગર શેરી નં. ૪/૧૦માં રહેતાં ભાવનાબેન કિરીટભાઇ સાંચલા નામના ચોસઠ વર્ષના વૃધ્ધાએ અઠવાડીયા અગાઉ ગયા રવિવારે સાંજે ઘરે એસિડ પી લેતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં.

ત્યાંથી ખાનગી હોસ્પિટલમાં અને ફરીથી સિવિલમાં ખસેડાયા હતાં. અહિ બેભાન હાલતમાં સારવાર દરમિયાન વહેલી સવારે મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. બનાવની જાણ થતાં ભક્તિનગર પોલીસે કાર્યવાહી કરી હતી. આપઘાત કરી લેનારા ભાવનાબેનને સંતાનમાં બે દિકરા છે. પતિ હયાત નથી. માનસિક અસ્વસ્થતાને કારણે તેમણે આ પગલુ ભરી લીધાનું સગાએ જણાવ્યું હતું. પોલીસે મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

ત્રીજા બનાવ પર નજર કરીએ તો લોધીકાના પારડી ગામે રહેતાં છવ્વીસ વર્ષના છવ્વીસ વર્ષના યુવાન છત્રપાલસિંહ જયેન્દ્રસિંહ જાડેજા નામના યુવાને એકત્રીસમીના રોજ સાંજે ચારેક વાગ્યે શાપરના ગુંદાસરા ગામે વાડી વિસ્તારમાં ઝેરી દવા પી જતાં સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. બનાવની જાણ થતાં શાપર પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી અને મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. મૃત્યુ પામનાર છત્રપાલસિંહ મુળ જામજોધપુરના બુટાવદરના વતની હતાં. પોતે હાલ પારડી રહી મજુરી કામ કરતાં હતાં. એક વર્ષ પહેલા તેણે લગ્ન કર્યા હતાં. બે બહેનના એકના એક મોટા ભાઇ હતાં. બનાવનું કારણ જાણવા પોલીસે તપાસ યથાવત રાખી હતી. આમ ત્રણ અલગ અલગ બનાવમાં ત્રણ લોકોએ આત્મહત્યા કરીને દુનિયા છોડી દીધી હતી.

દેશ પરદેશમાં નોકરીના નામે નોકરીવાંચ્છુઓને છેતરવાનો વધુ એક કિસ્સો

વિદેશમાં જોબના નામે ૮૪ લાખની ઠગાઇ

ત્રણ યુવાનોને કહેવાતો વિઝા કન્સલ્ટન્ટ અને એજન્ટ છેતરી ગયા: બીજી ઘટનામાં આવાસમાં સેટીંગની ઘર લેવાની લાલચમાં શ્રમીકે ગુમાવ્યા ચોરાણુ હજાર

રાજકોટ તા. ૨

દેશમાં અને પરદેશમાં સારી નોકરી અપાવી દેવાની લાલચ આપી લેભાગુ ગઠીયાઓ નોકરીવાંચ્છુઓને છેતરી જતાં હોવાના બનાવો વારંવાર પોલીસ ચોપડે ચડે છે. વધુ એક ઠગાઇ સામે આવી હતી. જેમાં ત્રણ લોકોને વિદેશમાં નોકરી અપાવી દેવાની લાલચ આપી કહેવાતા વિઝા કન્સલ્ટન્ટ અને એજન્ટે ચોર્યાસી લાખ ઓગણીસ હજાર પડાવી લીધા હતાં. માથે જતાં આ ત્રણેયને મારી નાખવાની ધમકી પણ દીધી હતી.

વિગતો જોઇએ વડોદરાનો આ કિસ્સો છે. વિદેશમાં સારી નોકરી મેળવીને સ્થાયી થવાના સપના જોતા લોકો સાથે છેતરપિંડીનો મામલો સામે આવ્યો હતો. યુકે અને કેનેડામાં વર્ક પરમિટ અપાવી નોકરી અપાવવાની લાલચ આપી દંપતી સહિત છ લોકો પાસેથી ભેજાબાજોએ ૮૪.૧૯ લાખ રૂપિયા પડાવી લીધા છે. વડોદરાની વિઝા કન્સલ્ટન્સીના સંચાલક સંજય કૃષ્ણા રાવ, ખંભાતના ગ્લોબટ્રોટર ઓવરસીઝના સંચાલક પાર્થ પટેલ સહિતના લોકો સામે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. વિદેશ મોકલવાના નામે લાખો રૂપિયા લીધા હોવા છતાં વચન મુજબની -ક્રિયા પૂર્ણ ન થતાં અરજદારોએ નાણાં પરત માગ્યાં હતાં.

આ સમયે ગાળાગાળી કરી જાનથી મારી નાખવાની અને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. આ મામલે ગોરવા પોલીસે તપાસ હાથ ધરી હતી. વધુ માહિતી અનુસાર ખંભાતના મોચીવાડ વિસ્તારમાં રહેતી પિનલબેન -જાપતિએ ગોરવા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ યુકેમાં વર્ક પરમિટ મેળવી નોકરી કરવા માગતાં હોવાથી સારી વિઝા કન્સલ્ટન્સીની શોધમાં હતાં. આ દરમિયાન વડોદરાના ગેંડા સર્કલ પાસે સારાભાઈ કેમ્પસમાં આવેલી એરીકા ડિજિટલ પ્રા.લિ.ના સંચાલક સંજય કૃષ્ણા રાવનો સંપર્ક થયો હતો. વાતચીત દરમિયાન ૬ મહિનામાં યુકેની વર્ક પરમિટની -ક્રિયા પૂર્ણ કરી આપવાની ખાતરી આપી ૨૭ લાખનો ખર્ચ જણાવ્યો હતો.

ત્યારબાદ મહિલાએ રજિસ્ટ્રેશન સહિતના ખર્ચ પેટે ટુકડે-ટુકડે પાંચ લાખ રૂપિયા રોકડા આપ્યા હતા. ત્યારબાદ ડિસેમ્બર-૨૦૨૩માં જોબ લેટર અપાવવાના નામે વધુ અગીયાર લાખના ચેક આપવામાં આવ્યા હતા. જોકે, જોબ લેટરમાં ખામીઓ જણાતાં મહિલાએ રજૂઆત કરી હતી. ત્યારબાદ સંજય રાવે ખંભાતના પાર્થ પટેલ મારફતે આગળની પ્રક્રિયા કરાવવાની વાત કરી હતી. નોટરી



કરાર કરવામાં આવ્યો હતો. પિનલબેન, તેમના પતિ અને પુત્રીના પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટ તથા મેડિકલની પ્રક્રિયા કરાવવા છતાં વર્ક વિઝા મળ્યા ન હતા. એકવીસ લાખ રૂપિયામાંથી ૩ લાખ રૂપિયા પરત અપાયા બાદ બાકીના અઢાર લાખ પરત આપ્યા ન હતા.

આ પછી કેનેડામાં નોકરી અપાવવાના નામે અન્ય અરજદારોને પણ નિશાન બનાવાયા હોવાનો આક્ષેપ છે. અમી રાજ મહેતા અને રાજ અશોક મહેતા પાસેથી ૨૧.૭૦ લાખ રૂપિયા મેળવ્યા બાદ વર્ક પરમિટ લેટરમાં દર્શાવ્યા મુજબની નોકરી અપાઈ ન હોવાની રજૂઆત કરવામાં આવી હતી. જ્યારે મકરપુરા રોડની દિવ્યજ્યોત સોસાયટીમાં રહેતા ગિરીશભાઈ ચુકલાના પુત્ર પાર્થને કેનેડામાં નોકરી અપાવવાની ખાતરી આપી ? ૩૯.૮૯ લાખ લેવામાં આવ્યા હોવા છતાં વચન પૂરું કરવામાં આવ્યું ન હતું. આમ, વિદેશમાં વર્ક પરમિટ અને નોકરી અપાવવાના નામે ત્રણ અરજદારો પાસેથી ૮૪.૧૯ લાખ રૂપિયા મેળવવામાં આવ્યા હતા. નાણાં પરત માગતાં ધમકી આપવામાં આવી હોવાના આક્ષેપને પગલે મામલો વધુ ગંભીર બન્યો છે. આ ફરિયાદના આધારે ગોરવા પોલીસે સંજય કૃષ્ણા રાવ, પાર્થ પટેલ અને તેમની સાથે સંકળાયેલા અન્ય લોકોની ભૂમિકા અંગે તપાસ હાથ ધરી હતી.

બીજી એક ફ્રોડની ઘટનામાં સુરત મહાનગરપાલિકાના આવાસ યોજનાના નામે સામાન્ય અને જરૂરિયાતમંદ નાગરિકો સાથે સાયબર ફ્રોડની ઘટનાઓ વધી રહી છે. સિંગણપોર ગામ વિસ્તારમાં રહેતા અને ગાંધીધામ ખાતે કેફેમાં મજૂરીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા અડતાલીસ વર્ષીય શ્રમિકને એસએમસી આવાસ યોજનામાં 'સેટિંગ' કરીને મકાન અપાવી દેવાની લાલચ આપી ગઠિયાએ ટુકડે-ટુકડે કુલ રૂ. ૯૪,૬૭૧ પડાવી લીધા હોવાનો મામલો સામે આવ્યો છે. આ અંગે ભોગ બનનાર આધેડે સિંગણપોર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ગઠિયા સામે છેતરપિંડી અને આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. સિંગણપોર ગામમાં જલદર્શન એપાર્ટમેન્ટમાં રહેતા અડતાલીસ વર્ષીય રમેશ નાથા ખાટ ગાંધીધામ સ્થિત લોરા કેફેમાં મજૂરીકામ કરે છે.

તેઓ થોડા દિવસની રજા લઈને સુરત ઘરે આવ્યા હતા. એક બપોરે તેમના મોબાઈલ પર અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો. સામેવાળા શખ્સે તમે એસએમસી આવાસમાં ફોર્મ ભર્યું છે? તેમ પૂછ્યું હતું. રમેશભાઈએ ના પાડતા ગઠિયાએ જણાવ્યું કે, એસએમસીમાં મારી સારી ઓળખાણ છે, હું સેટિંગ કરીને તમને મકાન અપાવી દઈશ. આજે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ છે. આ વાત સાંભળી રમેશભાઈ તેના વિશ્વાસમાં આવી ગયા હતા. ભોગ બનનાર પાસેથી ગઠિયાએ વોટ્સએપ પર તમામ જરૂરી ડોક્યુમેન્ટ્સ મંગાવી લીધા હતા. ત્યારબાદ ફોર્મ ભરવાના રૂ. ૧,૧૯૧, પ્રોસેસિંગ ફીના રૂ. ૮૯૧ અને અન્ય ખર્ચ પેટે તાત્કાલિક રૂ. ૫,૦૦૦ મંગાવ્યા હતા.

બીજા દિવસે એફિડેવિટ કરાવવાના નામે વધુ રૂ. ૫,૦૦૦ ટ્રાન્સફર કરાવ્યા હતા. ત્યારબાદ 'આવાસ યોજનાનો હપ્તો ભરવો પડશે' તેમ કહી ૧૫, ૧૬ અને ૧૮ ઓક્ટોબરે રૂ. ૧૮,૨૫૧ લેખે તેમજ અન્ય નાના-મોટા ખર્ચ મળી તારીખ ૯થી ૨૨ ઓક્ટોબર દરમિયાન કુલ ૨૭ જેટલા અલગ-અલગ ટ્રાન્ઝેક્શન કરાવી સ્લાઈસ સ્મોલ ફાઇનાન્સ બેંકના ખાતામાં રૂ. ૯૪,૬૭૧ ખંખેરી લીધા હતા. નાણાં ટ્રાન્સફર કર્યા બાદ પણ લાંબો સમય સુધી મકાન અંગે કોઈ કામ ન થતાં અને ગઠિયો માત્ર વાયદા કરતો હોવાથી રમેશભાઈને પોતાની સાથે ઓનલાઈન ફ્રોડ થયું હોવાનો અહેસાસ થયો હતો. આથી તેમણે તાત્કાલિક ફરિયાદ નોંધાવી હતી.

ઓનલાઇન, ઓફાલાઇન ગઠીયાગીરીની સાથે સાથે આવી ઠગાઇ પણ વારંવાર થતી રહે

માતાજીના નામે નકલી અઘોરીએ પડાવ્યા વીસ લાખ

વૃધ્ધને છેતરીને નાણા ટ્રાન્સફર કરાવ્યા: ત્રણ ગઠીયા પકડાયા: બીજી તરફ સાયબર ફ્રોડ સામે તહેવારના દિવસોમાં જાગૃત રહેવા અધિકારીઓએ વધુ એક વખત નાગરિકોને ચેતવ્યા

રાજકોટ તા. ૨

ગઠીયાઓ ગમે તેમ કરીને લોકોને છેતરી લેતાં હોય છે. ઓનલાઇન ઓફલાઇન ઠગાઇ તો થતી જ રહે છે. સમયાંતરે કહેવાતા બાબા, મોટા સંતના નામે પણ ઠગાઇ થતી રહી છે. આ વચ્ચે એક ત્રિપુટીએ અઘોરીબાબાનો સ્વાંગ રચી એક વૃધ્ધ સાથે ઓગણીસ લાખ સાંઇઠ હજારની ઠગાઇ કરી લીધી હતી. એકના ડબલ પૈસા કરી દેવાની અને માતાજીની કૃપા વરસાવવાની વાતો કરી વૃધ્ધ પાસેથી લાખોની મત્તા ઉસેડી લેવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો આ ઘટના બાલાસિનોરમાં બની હતી. પૈસા ડબલ કરવાની અને માતાજીની કૃપાની લાલચ આપી છોંતેર વર્ષીય સિનિયર સિટીઝન સાથે ઓગણીસ લાખ સાંઇઠ હજારથી વધુની ઓનલાઈન છેતરપિંડી આચરનાર ગેંગના વધુ ત્રણ વોન્ટેડ આરોપીને વલસાડ સાયબર ક્રાઈમ પોલીસે મહીસાગર જિલ્લામાંથી ઝડપી પાડ્યા હતાં. તાંત્રિક અને અઘોરી બાબાનું રૂપ ધારણ કરી વૃદ્ધને ઝાળમાં ફસાવી બેંક એકાઉન્ટમાં ૧૯,૬૦,૫૦૦ ટ્રાન્સફર કરાવી લેવાયા હતા. આ મામલે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયા બાદ અગાઉ પાંચ આરોપી પકડાયા હતા, જ્યારે છ આરોપી નાસતા ફરતા હતા. દરમિયાન સાયબર પીઆઇએચ.જી. રબારી અને પીએસઆઇ ડી.એસ. પટેલની ટીમને બાતમી મળી હતી કે વોન્ટેડ આરોપી બાલાસિનોરની દેવ ચોકડી નજીક આટાફેરા મારી રહ્યો છે.

આ બાતમીને આધારે પોલીસ પહોંચી હતી. પોલીસે સ્થાનિક દુકાનદારો અને રિક્ષાવાળાઓની મદદથી રેકી કરી મુખ્ય આરોપી મહેબુબ અબ્દુલરહીમ શેખ ઝડપી પાડ્યો હતો. તેની સઘન પૂછપરછના આધારે વીરપુર ખાતેથી તેના અન્ય બે સાગરીતો સરફરાજ નાશીરખાન પઠાણ અને સાહીલમિયા સીરાજમિયા શેખ ને પણ દબોચી લેવાયા હતા. સાયબર પોલીસને મોટી સફળતા મળી હતી. તાંત્રિક વિધિ કે ચમત્કારથી પૈસા બમણા કરવાનો દાવો કરતી વાતો સંપૂર્ણપણે ભ્રામક અને ખોટી હોય છે. આવી લાલચમાં આવી અજાણ્યા લોકોને ઓનલાઈન કે રોકડ નાણાં ન આપવા. સાયબર ફ્રોડનો ભોગ બનતાં જ ૧૯૩૦ હેલ્પલાઈન પર તુરંત સંપર્ક કરવા સાયબર ટીમે અપીલ કરી હતી.



બીજી તરફ પોલીસે હાલમાં દિવાળીના તહેવારો દરમિયાન સાયબર ફ્રોડ થવાના કિસ્સાઓ બનતા હોય છે. સાઇબર ગઠિયાઓ દ્વારા દિવાળી ઓફર અને દિવાળીના ગ્રીટિંગ્સ કાર્ડ અને વીડિયોના નામે લિંક મોકલતા હોય છે જેના ઉપર ક્લિક કરવાથી જ મોબાઈલ ફોન હેક થઈ અને ખાતામાંથી પૈસા ઉપડી જવાના બનાવ બનતા હોય છે ત્યારે સાયબર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા દિવાળીના તહેવારો દરમિયાન દરેક નાગરિકોને કોઈપણ અજાણ્યા નંબર ઉપરથી દિવાળીના ગ્રીટિંગ્સ માટે કોઈપણ લિંક અથવા ઈમેજ મોકલવામાં આવે છે તો તેને ડાઉનલોડ ન કરવા માટે જણાવવામાં આવ્યું છે જો ભૂલથી લિંક ક્લિક થઈ ગઈ હોય તો તાત્કાલિક ધોરણે સાઇબર હેલ્પલાઇન ૧૯૩૦ અથવા નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા માટે જણાવવામાં આવ્યું છે.

આ વિશે માહિતી આપતાં સાઇબર ક્રાઈમ બ્રાન્ચ ડીસીપી લવીના સિંહાએ જણાવ્યું કે દિવાળીના તહેવારો દરમિયાન સાયબર ક્રાઈમ કરવા માટે ગઠિયાઓ દ્વારા દિવાળીના ઓફર ના નામે લોકોને છેતરતા હોય છે જેમાં એક સાથે એક ફ્રી અને ડિસ્કાઉન્ટ ઓપન તેમજ અલગ-અલગ બહાના હેઠળ ડિસ્કાઉન્ટ આપવાના નામે છેતરપિંડી કરતા હોય છે ત્યારે કોઈપણ અજાણ્યા નંબર ઉપરથી અથવા અન્ય સોશિયલ મીડિયા ઉપર જો આવી કોઈ લીંક હોય તો તેને ઓપન ન કરવા માટે જણાવવામાં આવ્યું છે. ઓફિશિયલ કોમર્શિયલ વેબસાઈટ અને એપ્લિકેશનના માધ્યમથી જ ખરીદી કરવી જોઈએ. ફેક એપ્લિકેશન અને વેબસાઈટ પણ બનાવવામાં આવતી હોય છે અને તેના આધારે સાયબર ફ્રોડ કરવામાં આવતું હોય છે. જેથી ગુગલ પ્લે સ્ટોર પરથી જ એપ્લિકેશન ડાઉનલોડ કરવી.

આ ઉપરાંત વધુમાં તેમણે જણાવ્યું કે, દિવાળીના તહેવારો દરમિયાન ગ્રીટીંગ કાર્ડ અને પાર્ટી ઇનવાઇટના નામે લિંક મોકલવામાં આવતી હોય છે જેના કારણે પણ સાયબર ફ્રૉડ થતા હોય છે. કોઈપણ અજાણ્યા નંબર ઉપરથી જો આવી લિંક અથવા ફોટો મોકલવામાં આવે તો તેને ખોલવી નહીં માત્ર જાણીતા લોકોના જ નંબર પરથી જો આવે તો તેને ઓપન કરવી જોઈએ. દિવાળીના તહેવારો દરમિયાન લોકોએ સાવધાની રાખવી જોઈએ. ખાસ કરીને માત્ર જાણીતા લોકોના જ નંબર પરથી આવેલા લિંક અને ફોટોને ડાઉનલોડ કરવા જોઈએ. કોઈ પણ લિંક અથવા ફોટો ડાઉનલોડ થઈ ગયો હોય અને સાઇબર ફ્રોડ થયો હોય તો સાયબર હેલ્પલાઇન નંબર ૧૯૩૦ અથવા નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવાનો રહેશે.

સતત આઠ વર્ષ સુધી ગઠીયાઓ કટકે કટકે છેતરતા રહ્યાં, છેક હવે ખબર પડતાં પોલીસને જાણ કરી

નિવૃત ડોક્ટરને વીમાના નામે દોઢ કરોડનો ચૂનો

નિવૃત પ્રોફેસરે બાર પાસ એવા બે શખ્સોને સાથે રાખી ઠગાઇ આચરી: પોલીસે ત્રણને પકડી લેતાં અલગ રાજ્યોમાં તોંતેર ફ્રોડની ફરિયાદો નોંધાયાનું સામે આવ્યું

રાજકોટ, તા.૨

સાયબર ગઠીયાઓ કેવી રીતે લોકોને છેતરતાં હોય છે તેનો પુરાવો આપતી ઘટના સામે આવી છે. એક પ્રોફેસરે ટોળકી રચી બીજા એક નિવૃત સિનીયર ડોક્ટરને સતત આઠ વર્ષ સુધી વીમા પોલીસના નામે છેતર્યા હતાં. આ ટોળકીએ વિનૃત ડોક્ટરને એવુ કહ્યું હતું કે પોતે ગરીબ લોકોને ગેસ સિલીન્ટર આપવાનું માનવતાનું કામ પણ કરે છે અને વીમા પોલીસી પર સારો નફો પણ આપે છે. સતત આઠ વર્ષ સુધી નિવૃત ડોક્ટર કટકે કટકે પચ્ચીસ હજારથી લઇ પચાસ હજાર સુધીની રકમ ચુકવતા ગયા હતાં. આ રીતે દોઢેક કરોડ આપી દીધા હતાં. છેલ્લા દોઢ બે મહિનામાં નિવૃત ડોક્ટરે પોતાની રકમ પરત મેળવવા પ્રયાસ આદર્યા ત્યારે બહાનાબાજી શરૂ થતાં પોતાની સાથે મોટુ ફ્રોડ થયાની ખબર પડતાં પોલીસને જાણ કરી હતી. પોલીસે સતત અઠવાડીયા સુધી મહેનત કરી નિવૃત પ્રોફેસર સહિત ત્રણ ગઠીયાઓને દબોચી લેતાં જબરૂ કારસ્તાન ખુલ્યું હતું.

વિગતો પર નજર કરીએ તો સુરત સાયબર ક્રાઈમ સેલે વીમા પૉલિસીનું પેમેન્ટ પરત અપાવવાના બહાને સિનિયર સિટીઝન સાથે થયેલી ૧,૫૦,૩૩,૦૦૪ની છેતરપિંડીનો ભેદ ઉકેલી ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદથી ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. આ આંતરરાજ્ય સાયબર સિન્ડિકેટનું સંચાલન એક ઉચ્ચ શિક્ષિત નિવૃત્ત પ્રોફેસર કરતો હોવાની ચોંકાવનારી વિગત સામે આવી છે. ચોસઠ વર્ષીય નિવૃત્ત પ્રોફેસર અતુલકુમાર શર્મા ગરીબ અને જરૂરિયાતમંદ વર્ગના લોકોને સસ્તામાં રાંધણ ગેસ સિલિન્ડર કનેક્શન અપાવવાની લાલચ આપતો હતો. આ લાલચમાં તે તેમના આધાર પુરાવા મેળવી અલગ-અલગ બેંકોમાં બોગસ એકાઉન્ટ્સ ઓપન કરાવતો અને તેમના નામે ડમી સિમકાર્ડ કઢાવતો હતો.

આ બેંક એકાઉન્ટ્સની નેટ બેન્કિંગ કિટ, ચેકબુક, પાસબુક અને ડેબિટ કાર્ડ્સ પ્રોફેસર પોતાની પાસે રાખીને સાયબર ફ્રોડના ગેરકાયદે નાણાં મેળવવા માટે આખું ફાયનાન્સિયલ નેટવર્ક ચલાવતો હતો.આ ગુનામાં પકડાયેલા આરોપીઓની પ્રોફાઇલ તપાસતાં એક વ્યવસ્થિત સંગઠિત ક્રાઈમ નેટવર્ક ખુલ્લું પડ્યું હતુ. ગેંગનો મુખ્ય સાગરિત ચોસઠ વર્ષીય અતુલકુમાર નરેશકુમાર શર્મા બીએસસી, એમબીએનો ઉચ્ચ અભ્યાસ ધરાવે છે અને પ્રતિષ્ઠીત આઇએમટી કૉલેજમાં પ્રોફેસર તરીકે સેવા આપી ચૂક્યો છે. નિવૃત્તિ પછી ખર્ચ પૂરા કરવા તે સાયબર માફિયા બની ગયો હતો. બીજો આરોપી તેતાલીસ વર્ષીય મહેશ હરિપ્રસાદ શર્મા ધોરણ-બાર પાસ છે, જે અગાઉ વ્હીકલ લોન એજન્ટ, વીજ કંપનીમાં મીટર રીડર અને આયુર્વેદિક દવાનો સેલ્સમેન રહી ચૂક્યો છે. ત્રીજો આરોપી સોનુ વિરેન્દ્રસીંગ ઠાકુર પણ ધોરણ-બાર પાસ



છે, જે વર્ષ ૨૦૧૮ થી ઈન્શ્યોરન્સ કંપનીના કૉલ સેન્ટરમાં ટેલિકૉલર તરીકે કામ કરતો હતો અને ત્યાંથી ગ્રાહકોનો લીક થયેલો ખાનગી ડેટા ચોરી લાવ્યો હતો.

વધુ માહિતી અનુસાર આ ટોળકીએ સુરતના એક સિનિયર સિટીઝન ડૉક્ટરને છેલ્લા નવ વર્ષ દરમિયાન સતત નિશાન બનાવ્યા હતા. આરોપીઓએ શરૂઆતમાં ફરિયાદીને વીમા લોકપાલના નામે ફોન કરી વિશ્વાસમાં લીધા અને ૧૫ જેટલી અલગ-અલગ ઈન્શ્યોરન્સ પૉલિસીઓ લેવડાવી હતી. ત્યારબાદ પાછલા બે ત્રણ વર્ષથી ફરિયાદીને અવારનવાર ફોન કરીને જણાવ્યું કે તમારી અગાઉની તમામ પૉલિસીઓના નાણાં પરત મેળવવા પ્રોસેસિંગ ફી, જીએસટી અને ટેક્સ પેટે ચાર્જ ચૂકવવો પડશે. આરોપીઓ એકસાથે મોટી રકમ માંગવાને બદલે દસ હજારથી લઈ પચાસ હજાર જેવા નાના-નાના હપ્તાઓમાં નાણાં ટ્રાન્સફર કરાવતા રહ્યા હતા.

આ રીતે છેલ્લા આઠ વર્ષમાં ફરિયાદી પાસેથી ટુકડે-ટુકડે કુલ ૧,૫૦,૩૩,૦૦૪ પડાવી લઈ વિશ્વાસઘાત કર્યો હતો. આ સાયબર ગેંગ અત્યંત ચુસ્ત કમિશન સિસ્ટમ પર કામ કરતી હતી. નિવૃત્ત પ્રોફેસર અતુલ શર્મા ખોલાવેલા મ્યુલ એકાઉન્ટ્સ અને ડમી સિમકાર્ડ આગળ મહેશ શર્માને આપતો હતો. મહેશ આ વિગતો સોનુ ઠાકુરને પહોંચાડતો હતો. સોનુ ઠાકુર લીક થયેલા ડેટાના આધારે અલગ-અલગ મોબાઇલ હેન્ડસેટ પર સિમ બદલીને વિક્ટિમને કૉલ કરતો અને નાણાં પ્રોફેસરના બેંક ખાતાઓમાં જમા કરાવતો હતો. નાણાં ખાતામાં જમા થતાં જ પ્રોફેસર અતુલ શર્મા તરત જ રોકડ વિડ્રો કરી લેતો હતો. આ છેતરપિંડીના નાણાંમાંથી પ્રોફેસર પાંત્રીસથી પચાસ ટકા જેટલું તોતિંગ કમિશન પોતાની પાસે રાખતો અને બાકીની રકમ મહેશને આપતો હતો.

હેશ પોતાનું પંદરથી વીસ ટકા કમિશન કાપીને બાકીના રૂપિયા છેલ્લે કૉલિંગ કરતા સોનુ ઠાકુરને ચૂકવતો હતો. સુરત સાયબર ક્રાઈમના ડીસીપી બિશાખા જૈને જણાવ્યું હતું કે આ કેસમાં ભોગ બનનાર સિનિયર સિટીઝન ડૉક્ટર સાથે આઠ વર્ષ સુધી લગભગ દોઢ કરોડનું પૉલિસી ફ્રોડ થયું હતું. ફરિયાદી બે ત્રણ મહિના પહેલાં અમારી પાસે આવ્યા હતા. તપાસ દરમિયાન ભોગ બનનાર પર આવેલા તમામ કૉલિંગ નંબરો બંધ થઈ ચૂક્યા હતા. પણ અમારી ટીમે માત્ર એક બંધ કૉલિંગ નંબરનું ટેકનિકલ એનાલિસિસ કર્યું અને સુરત સાયબર ક્રાઈમની ટીમે યુપીના ગાઝિયાબાદમાં સતત એક અઠવાડિયા સુધી ફિલ્ડ વર્કઆઉટ કરી આ આખા રેકેટનો પર્દાફાશ કર્યો છે.

નિવૃત્ત પ્રોફેસર નિવૃત્તિ પછી ખર્ચ કાઢવા ડમી સિમ અને મ્યુલ એકાઉન્ટ્સ ખોલાવતો હતો. સોનુ ઠાકુર પાસેથી સિત્તેર પેજની એક્સેલ શીટ મળી છે જેમાં ચેકબોક્સ સાથે પૉલિસી હોલ્ડર્સની વિગતો માર્ક કરેલી હતી. સાયબર ક્રાઈમ સેલે આરોપી અતુલ શર્માના ઘરે દરોડો પાડી ૯ મોબાઇલ ફોન, ૪૨ ચેકબુક, ૧૭ પાસબુક, ૯૦ ડેબિટ કાર્ડ, ૨૫ એક્ટિવ સિમકાર્ડ, ૮૦ ખાલી સિમ ટ્રે અને રોકડા ૨૮,૭૪૦ કબજે કર્યા હતાં.સોનુ ઠાકુર પાસેથી ૩ મોબાઇલ ફોન, રોકડા ૧,૭૭,૦૦૦ તથા ૭૦ પાનાની પૉલિસી ધારકોની ડેટા શીટ્સ મળી આવી છે. તપાસ દરમિયાન પ્રોફેસર અતુલ શર્માના ૪૭ જેટલા બેંક એકાઉન્ટ્સ મળી આવ્યા છે. આ ખાતાઓની વિગતો નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ પર વેરિફાઈ કરતાં દિલ્હી, નોઈડા, ગાઝિયાબાદ સહિત દેશના પંદર અલગ-અલગ રાજ્યોમાં નોંધાયેલી તોંતેર જેટલી સાયબર ફરિયાદો સાથે આ ખાતાઓ સીધા જોડાયેલા હોવાનું સામે આવ્યું હતું. તપાસમાં હજુ નવી વિગતો બહાર આવવાની આશા છે.

પંજાબી સબ્જીથી લઈને સ્ટ્રીટ ફૂડ સુધી દરેક જગ્યાએ પનીર એ લોકોની પહેલી પસંદ

પનીરના શોખીનો સાવધાન : શુદ્ધતાના દાવા પોકળ

શહેરના પોશ વિસ્તારોમાં ખુલ્લેઆમ ધમધમી રહ્યા છે આરોગ્ય સાથે ચેડાં કરતા ગેરકાયદેસર યુનિટ્સ

રાજકોટ, તા. ૨

રાજકોટ એટલે કે ખાણીપીણીના શોખીનોનું શહેર, જ્યાં પંજાબી સબ્જીથી લઈને સ્ટ્રીટ ફૂડ સુધી દરેક જગ્યાએ પનીર એ લોકોની પહેલી પસંદ હોય છે. પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે હોટલ કે રેસ્ટોરન્ટમાં તમે જે સ્વાદિષ્ટ પનીર ખાઈ રહ્યા છો, તે ખરેખર શુદ્ધ છે કે નહીં? તાજેતરમાં સામે આવેલા એક મોટા પર્દાફાશથી રાજકોટવાસીઓના હોશ ઉડી ગયા છે, કારણ કે શહેરની અંદર જ ધમધમતા એક યુનિટમાંથી મોટા પાયે નકલી અનાલોગ પનીરનું ઉત્પાદન થતું હોવાનું સામે આવ્યું છે, જે સીધેસીધું નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ખેલ ખેલી રહ્યું છે.

સામાન્ય રીતે અસલી પનીર ગાય કે ભેંસના શુદ્ધ દૂધમાંથી બનાવવામાં આવે છે, જે સ્વાસ્થ્ય માટે પોષક અને ગુણકારી છે. પરંતુ તેનાથી વિપરીત, ગ્રાહકોની આંખમાં ધૂળ નાખીને નફો કમાવવા માટે બજારમાં સિંથેટિક પનીરનું ચલણ વધ્યું છે. આ નકલી પનીર બનાવવા માટે પામ ઓઇલ અને વેજીટેબલ ફેટનો ભરપૂર ઉપયોગ થાય છે, તેમજ સસ્તા અને હલકી ગુણવત્તાવાળા દૂધ પાવડર અને પનીરને ઘટ્ટ તથા દેખાવમાં અસલી બનાવવા માટે અત્યંત જોખમી કેમિકલ્સ ભેળવવામાં આવે છે. આ નકલી પનીર દેખાવ અને સ્વાદમાં અસલી પનીર જેવું જ લાગે છે, જેથી સામાન્ય ગ્રાહક તેને ઓળખી શકતો નથી, પરંતુ તે શરીર માટે ઝેર સમાન સાબિત થાય છે.

આ પ્રકારના કેમિકલયુક્ત અને સિંથેટિક પનીરનું લાંબા સમય સુધી સેવન કરવાથી માનવ શરીર પર અત્યંત વિપરીત અસરો પડે છે. તબીબોના મતે, આ ડુપ્લીકેટ પનીર



ખાવાથી કેન્સર જેવી ગંભીર અને જીવલેણ બીમારીઓ થવાનું જોખમ અનેકગણું વધી જાય છે અને શરીરમાં ખરાબ કોલેસ્ટ્રોલ વધવાથી હાર્ટ એટેક તથા હૃદયરોગના હુમલાનો ભય રહે છે. તેમજ પાચનતંત્ર નબળું પડવું, કિડની અને લીવરને નુકસાન પહોંચવું જેવી સ્વાસ્થ્ય સમસ્યાઓ સર્જાય છે.

શહેરની મધ્યમાં આવેલા રૈયા ગામ જેવા વિસ્તારમાં આ પ્રકારનું ઉત્પાદન થવું અને ત્યાંથી રાજકોટની હોટલો તથા ખાણીપીણીની દુકાનોમાં તેનો સપ્લાય થવો એ એક મોટું ચિંતાજનક રહસ્ય છે. આ ગંદો અને પ્રદૂષિત વેપાર શહેરના પાદરે નહીં, પરંતુ જીવંત વસ્તીવાળા વિસ્તારોમાં ખુલ્લેઆમ ચાલી રહ્યો છે. આ સ્થિતિ રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ અને ફૂડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ ડિપાર્ટમેન્ટની કામગીરી સામે મોટા અને સીધા સવાલો ઊભા કરે છે કે શું ફૂડ સેફ્ટી ઓફિસરોને આ ગેરકાયદેસર પ્રવૃત્તિઓની કોઈ ગંધ નહોતી અને શું માત્ર કાગળ પર જ ચેકિંગની વાતો થાય છે?

જ્યાં સુધી કોઈ મોટો ઘટસ્ફોટ ન થાય ત્યાં સુધી તંત્ર ઘસઘસાટ ઊંઘતું રહે છે, જે પ્રશાસનની મિલીભગત કે ગંભીર બેદરકારી તરફ સ્પષ્ટ ઈશારો કરે છે. નાગરિકોએ હવે માત્ર સ્વાદ પાછળ દોડવાને બદલે ખોરાકની ગુણવત્તા પ્રત્યે પણ સભાન બનવું પડશે. તંત્ર દ્વારા જો કડક પગલાં નહીં ભરાય અને આવા ભેળસેળિયા તત્વો સામે દાખલારૂપ કાર્યવાહી નહીં થાય, તો આગામી સમયમાં રાજકોટવાસીઓનું સ્વાસ્થ્ય વધુ જોખમમાં મુકાઈ શકે છે.જોખમમાં મુકાઈ શકે છે.

સરાઝા હોટલ દારૂકાંડ બાદ બિલ્ડર એસો.માં ભૂકંપ

દારૂબંધી હટાવવાની ખુલ્લી માંગણીથી નવો વિવાદ વકર્યો

વિવાદ વકરવા છતાં પ્રમુખ દ્વારા કોઈ જ ખુલાસો કે ખંડન ન કરાતા અનેક સવાલો અને શંકાઓ ઊભી થઈ છે



રાજકોટ, તા. ૨

રાજકોટની હાઈપ્રોફાઈલ સરાઝા હોટલમાં તાજેતરમાં પકડાયેલી દારૂની મહેફિલનો મામલો હજુ શાંત નથી પડ્યો, ત્યાં આ કેસમાં એક નવો અને મોટો વિવાદ ઊભો થયો છે. આ દારૂકાંડ બાદ હવે રાજકોટ બિલ્ડર એસોસિએશનમાં એક અનોખો સળવળાટ જોવા મળી રહ્યો છે. અત્યાર સુધી શહેરમાં અનેક સામાજિક કાર્યો અને વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ માટે જાણીતું આ એસોસિએશન હવે અચાનક વિવાદના કેન્દ્રમાં આવી ગયું છે. સ્થિતિ એવી નિર્માણ પામી છે કે બિલ્ડર લોબી જાણે હવે રાજ્યમાંથી દારૂબંધી હટાવવાની ઝુંબેશ ચલાવી રહી હોય તેવું ચિત્ર ઊભું થયું છે.

આ સમગ્ર નવા વિવાદનું મૂળ બિલ્ડર એસોસિએશનના ઉપપ્રમુખ ધ્રુવિક તળાવીયાનો એક વાયરલ વીડિયો છે. આ વીડિયોમાં ધ્રુવિક તળાવીયા ખુલ્લેઆમ ગુજરાત રાજ્યમાંથી દારૂબંધીનો કાયદો હટાવવાની તરફેણ કરતા જોવા મળી રહ્યા છે. મહાત્મા ગાંધીના ગુજરાતમાં જ્યાં દારૂબંધીનો અત્યંત કડક કાયદો અમલમાં છે, ત્યાં એક પ્રતિષ્ઠિત એસોસિએશનના જવાબદાર હોદ્દેદાર દ્વારા આવી ખુલ્લી માંગણી કરવામાં આવતા સમગ્ર શહેરમાં ભારે ચકચાર મચી ગઈ છે.

આ વિવાદ માત્ર એક વીડિયો પૂરતો સીમિત રહ્યો નથી. બિલ્ડર એસોસિએશનના આંતરિક વોટ્સએપ ગ્રુપમાં ધ્રુવિક તળાવીયાની આ પોસ્ટને ભારે સમર્થન મળી રહ્યું હોવાનું સામે આવ્યું છે. સૌથી ચોંકાવનારી વાત એ છે કે, સરાઝા હોટલની એ જ દારૂની મહેફિલમાં રંગેહાથ ઝડપાયેલા અને પોલીસ કાર્યવાહીનો સામનો કરી રહેલા નિખિલ ડેકોરાએ પણ આ ગ્રુપમાં ધ્રુવિકની વાત સાથે પોતાની સંમતિ દર્શાવી છે. પોલીસ કેસમાં સંડોવાયેલા વ્યક્તિ દ્વારા આ રીતે ખુલ્લેઆમ દારૂબંધી હટાવવાનું સમર્થન કરવું એ કાયદા અને વ્યવસ્થાની સીધી મજાક ઉડાવવા સમાન માનવામાં આવી રહ્યું છે.

આ સમગ્ર મામલે રાજકોટ બિલ્ડર એસોસિએશનના પ્રમુખ પરેશ ગજેરાનું વલણ પણ ભારે શંકાના ઘેરામાં આવ્યું છે. પોતાના જ ઉપપ્રમુખ અને સભ્યો દ્વારા ખુલ્લેઆમ દારૂબંધીના કાયદાનો વિરોધ અને મીડિયા તથા પોલીસનું અપમાન થઈ રહ્યું હોવા છતાં, પ્રમુખ પરેશ ગજેરાએ એકદમ 'સૂચક મૌન' ધારણ કરી લીધું છે. તેઓએ આ બાબતે કોઈ અધિકૃત ખુલાસો કે ખંડન ન કરતા, તેમનું આ મૌન એવો સ્પષ્ટ સંકેત આપી રહ્યું છે કે કદાચ આખું બિલ્ડર એસોસિએશન અંદરખાને દારૂબંધી દૂર કરવાની હિમાયત કરી રહ્યું છે.

એક તરફ રાજ્ય સરકાર દારૂબંધીના કાયદાને વધુ કડક બનાવવા માટે કટિબદ્ધ હોવાના દાવા કરે છે, તો બીજી તરફ સમાજના કહેવાતા પ્રતિષ્ઠિત બિલ્ડરો ખુલ્લેઆમ તેનો વિરોધ કરી રહ્યા છે. આ ઘટનાએ રાજકોટના બૌદ્ધિક અને સામાજિક વર્ગમાં ભારે રોષ જન્માવ્યો છે. ગાંધીના મૂલ્યો અને કાયદાકીય મર્યાદાઓનો અનાદર કરનારા આ તત્વો સામે હવે પોલીસ કાયદાકીય પગલાં લે છે કે કેમ, તેના પર સૌની નજર ટકેલી છે.

ગેસ ચોરીનો મોટો પર્દાફાશ

ગેરકાયદે પ્રવૃત્તિ છતાં પુરવઠા તંત્ર સૂરદાસ

બે વર્ષથી ચાલી રહેલી ગેરકાયદે પ્રવૃત્તિ છતાં તંત્રની શંકાસ્પદ નિષ્ક્રિયતા

પાંચસોથી વધુ સિલિન્ડરોનો ગેરકાયદે સંગ્રહ છતાં એક્સપ્લોઝિવ લાયસન્સ ગાયબ

રાજકોટ, તા. ૨

રાજકોટ શહેરમાં માનવજીવનને જોખમમાં મૂકતો એક અત્યંત ગંભીર મામલો સામે આવ્યો છે, જ્યાં શહેરના ન્યુ નહેરુનગર વિસ્તારમાં આવેલી એક જગ્યાએથી છેલ્લા બે વર્ષથી મોટા પાયે ગેસ રિફિલિંગનું ગેરકાયદે કૌભાંડ ચાલી રહ્યું હતું. આ ચોંકાવનારી ઘટનામાં ગ્રાહકોને મળવાપાત્ર ૧૪.૫ કિલોગ્રામના ગેસના બાટલામાંથી બેથી ત્રણ કિલો ગેસ ગેરકાયદેસર રીતે કાઢીને બાટલો ખાલી કરી દેવામાં આવતો હતો. આટલી મોટી ગેરકાયદે પ્રવૃત્તિ બે વર્ષથી અવિરતપણે ધમધમી રહી હોવા છતાં સ્થાનિક પુરવઠા તંત્રને તેની કોઈ જ ભનક ન લાગી તે તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા કરે છે.

આ મામલાની વિગતવાર વાત કરીએ તો, શહેરના મધ્યમાં આવેલા આફ્રિદ ચોક નજીક આવેલા ન્યુ નહેરુનગર વિસ્તારમાંથી આ કૌભાંડ પકડાયું છે. આ ગોડાઉનમાં દરોડા પાડવામાં આવતા એકસાથે ૫૦૦થી



વધુ ભરેલા અને ખાલી ગેસ સિલિન્ડરો મળી આવ્યા હતા. સૌથી આશ્ચર્યની વાત તો એ છે કે આટલી મોટી સંખ્યામાં અતિ જોખમી ગેસના સિલિન્ડરોનો સંગ્રહ કરવા માટે કોઈપણ પ્રકારનું કાયદેસરનું 'એક્સપ્લોઝિવ લાયસન્સ' પણ લેવામાં આવ્યું ન હતું. આટલા મોટા જથ્થામાં સિલિન્ડરો ગોડાઉનમાં ક્યાંથી આવતા હતા, તેમાં કઈ ગેસ એજન્સીઓ તથા ડિલિવરીમેનોની સંડોવણી છે તે બાબતો હાલ ભારે ચર્ચાનો વિષય બની છે.

આ પ્રકરણ બહાર આવ્યા બાદ તંત્રમાં દોડધામ મચી ગઈ છે અને જિલ્લા કલેક્ટરે આ મામલે પુરવઠા વિભાગને સઘન તપાસના આદેશો આપ્યા છે. પુરવઠા તંત્ર દ્વારા હવે આ મામલે જવાબ માંગવાની તજવીજ હાથ ધરવામાં આવશે. બીજી તરફ, એસ.એમ.સી. તપાસ દ્વારા હજુ સુધી પુરવઠા વિભાગનો સંપર્ક થયો ન હોવાની વિગતો પણ કલેક્ટર તંત્ર પાસેથી પ્રાપ્ત થઈ છે. કલેક્ટર ડો. ઓમ પ્રકાશે આ પ્રકારની ગેસ રિફિલિંગની ઘટનાને ગંભીરતાથી લીધી છે અને હાલમાં પોલીસ તપાસ ચાલી રહી છે. આ વચ્ચે તંત્રને એવી ચોક્કસ વિગતો પણ સાંપડી છે કે, પોલીસનો રિપોર્ટ પુરવઠા તંત્રને મળ્યા બાદ આંતરિક ખાતાકીય તપાસ કરીને ગેરકાયદેસર રીતે ૫૦૦ જેટલા ભરેલા અને ખાલી સિલિન્ડરોનો સંગ્રહ કરનાર જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને જિલ્લા કલેક્ટરે તાત્કાલિક પુરવઠા વિભાગને તપાસના આદેશો આપ્યા છે. પુરવઠા તંત્ર દ્વારા હવે જવાબ માંગવાની તજવીજ હાથ ધરવામાં આવી છે, ત્યારે પોલીસ રિપોર્ટ મળ્યા બાદ આંતરિક ખાતાકીય તપાસ કરીને જવાબદારો સામે કડક પગલાં લેવામાં આવશે તેવી લોકચર્ચા જાગી છે.

જિલ્લા પંચાયત પાર્કિંગ કે અદાલત?

વકીલોના ટેબલોથી વાહનચાલકો પરેશાન, તંત્રની ઘોર બેદરકારી ઉજાગર!

રાજકોટ, તા. ૨

રાજકોટ જિલ્લા પંચાયત કચેરીના પાર્કિંગ વિસ્તારમાં વકીલો દ્વારા મૂકવામાં આવેલા ટેબલો અને અવાવરું સરસામાનના કારણે સર્જાયેલી ગંભીર સમસ્યા અંગે માર્ગ અને મકાન પંચાયત પેટા વિભાગની કચેરીના નાયબ કાર્યપાલક ઇજનેર દ્વારા ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટને સત્તાવાર પત્ર લખીને ગંભીર નોંધ લેવા અને જાણ કરવામાં આવી છે કે અગાઉ કોર્ટ કચેરીનું જામનગર રોડ ઉપર સ્થળાંતર થઈ ગયું હોવા છતાં જૂની કોર્ટ બિલ્ડિંગ પાસે આવેલ જિલ્લા પંચાયતના પાર્કિંગ કમ્પાઉન્ડમાં લોખંડના ટેબલો સાંકળોથી બાંધીને હજુ પણ યથાવત રાખવામાં આવ્યા છે જેનાં પરિણામે ઉપરોક્ત સ્થળો ઉપર મચ્છરોના ઉપદ્રવની સાથે સાથે સતત કનડગત વધી રહી છે અને પાર્કિંગમાં નડતરરૂપ બનતા આ તમામ ટેબલો વહેલી તકે હટાવી લેવા માટે ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટને વિશેષ અનુરોધ કરાયો છે કારણ કે અગાઉ કોર્ટ કચેરીમાં વકીલો પોતાના ટેબલ-ખુરશીઓ કમ્પાઉન્ડમાં રાખીને જ દૈનિક કામગીરી કરતા હતા અને તે ટેબલ-ખુરશીઓ ઉપર વકીલોના નામ પણ લખેલા હતા પરંતુ હાલમાં ચોમાસાની ઋતુ પૂર્ણ થયા બાદ પણ વરસાદી પાણી ભરાવાથી તથા ભેજને કારણે જૂની કોર્ટ કચેરીના બિલ્ડિંગમાં પડેલા લાકડાના



ટેબલ-ખુરશીઓ સંપૂર્ણપણે સડી ગયા છે અને આ સડેલા સામાનને લીધે ત્યાં મચ્છરોના ઉપદ્રવ તેમજ ગંદકીના મોટા ઢગલાઓ જામી ગયા છે જે બાબત જિલ્લા પંચાયતના ડીડીઓ અને પ્રમુખના ગંભીર ધ્યાનામાં આવતા તાકીદે માર્ગ અને મકાન વિભાગને સત્વરે જાણ કરવામાં આવી હતી જેથી હાથ ધરવામાં આવેલી ખાસ સફાઈ ઝુંબેશ દરમિયાન પાર્કિંગમાં પડેલા આ જૂના અને બિનઉપયોગી ટેબલો ભારે માત્રામાં નજરે પડ્યા હતા અને આ ગંદકી તેમજ અસ્તવ્યસ્ત સ્થિતિના કારણે જિલ્લા પંચાયતના જવાબદાર કર્મચારીઓ તેમજ ચૂંટાયેલા સભ્યો વગેરે જ્યારે પોતાની દૈનિક કામગીરીર્થે પાર્કિંગમાં વાહન લઈને આવે છે ત્યારે ઉપરોક્ત ટેબલ અને સામાન અત્યંત નડતરરૂપ સાબિત થઈ રહ્યા છે.

કોના ઈશારે મુસાફરોની કમાણી પર તરાપ?

મશીન બંધ છે નું બહાનું ધરી મુસાફરોને લૂંટતાં કંડક્ટરો : રોકડ લેવાઇ પણ ટિકીટ ન મળે તેવી વ્યાપક ફરિયાદ

રાજકોટ, તા. ૨

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સંચાલિત સિટી બસ સેવામાં મુસાફરો સાથે વ્યાપક પ્રમાણમાં ચાલતા વહીવટી અને નાણાકીય ખેલનો વધુ એક ચોંકાવનારો કિસ્સો સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયો દ્વારા બહાર આવતા ભારે ચર્ચા જાગી છે જેમાં સિટી બસના કંડક્ટર દ્વારા મુસાફરો પાસેથી રોકડ રકમની વસૂલાત કરવામાં આવતી હોવા છતાં સામે પક્ષે ટિકિટ આપવામાં આવતી ન હોવાની ગંભીર બાબત સામે આવી છે અને રાજકોટના માધાપર ચોક પર દોડતી સિટી બસમાં કથિત ગેરરીતિનો આ વીડિયો સામે આવ્યા બાદ તંત્રની કામગીરી પર લાંછન લાગ્યું છે.

જ્યાં બસના કંડક્ટર દ્વારા મુસાફરો પાસેથી ટિકિટ ભાડાના નામે માત્ર રોકડ રકમ ખિસ્સામાં ભેગી કરી દેવામાં આવતી હોવા છતાં મુસાફરોને ટિકિટ અપાતી ન હોવાના આક્ષેપો રોજિંદા પ્રવાસીઓ દ્વારા કરવામાં આવી રહ્યા છે અને જ્યારે જાગૃત મુસાફરો દ્વારા ટિકિટની માંગણી કરવામાં આવે છે ત્યારે કંડક્ટરો દ્વારા મશીન ખરાબ હોવાનું એકસરખું અને પચાસ વખત વપરાયેલું સસ્તી કક્ષાનું બહાનું ધરીને મુસાફરોને ટલ્લે ચઢાવવામાં આવે છે પરંતુ સવાલ એ થાય છે કે જો મશીન ખરાબ હોય તો પછી મુસાફરો પાસેથી રોકડ નાણાં લેવાનો અધિકાર કોણે આપ્યો અને જો રોકડ રકમ લેવામાં આવે છે તો નિયમ અનુસાર તેની ટિકિટ કેમ આપવામાં આવતી નથી તેવો સીધો અને સચોટ સવાલ જનતાના મનમાં ઉઠી રહ્યો છે.

એટલું જ નહીં પરંતુ જ્યારે એક મુસાફરે કંડક્ટરની આ ગેરરીતિનો વીડિયો ઉતારવાનો



પ્રયાસ કર્યો ત્યારે કંડક્ટરે પોતાની ભૂલ સ્વીકારવાને બદલે અસહ્ય દાદાગીરી દાખવતા ખુલ્લેઆમ કહ્યું હતું કે તું મારો વીડિયો ઉતારી લે જે કંડક્ટરની બેફામ માનસિકતા અને બેજવાબદાર વલણની પ્રતીતિ કરાવે છે અને અગાઉ પણ આવા કિસ્સાઓમાં ઉચ્ચ અધિકારીઓના સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન એક મહિલા કંડક્ટર ગેરરીતિ કરતી પકડાતા તેને ડિસમિસ કરવામાં આવી હોવાના દાવા કરવામાં આવ્યા હતા પરંતુ તેમ છતાં ડ્રાઈવર અને કંડક્ટરોમાં સરકારી નિયમો કે કાયદાનો કોઈ જ ડર ન રહ્યો હોવાનું વારંવાર સાબિત થઈ રહ્યું છે કારણ કે મહાનગરપાલિકાની કંપની આર.આર.એલ. દ્વારા સંચાલિત સિટી બસ અને બીઆરટીએસ બસ સેવાનું તંત્ર દ્વારા નિયમિત રીતે સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવતું હોવાના દાવા પોકળ સાબિત થાય છે.

કારણ કે દર સમાહે આવક સાથોસાથ ગેરરીતિ કરતા ડ્રાઈવર કંડક્ટરો સામે ગરદનીસ સજાના પગલાં ભરવા, મહત્તમ મુસાફરી કરતા મુસાફરો સામે દંડાત્મક કાર્યવાહી કરી સિટી બસ અને બીઆરટીએસ બસ સેવાના કેટલા મુસાફરોને લાભ લીધો અને કેટલી આવક થઈ તેની સમાચાર માહિતી જાહેર કરવાના દાવાઓ કાગળ પર જ રહી જાય છે અને આ માહિતી જાહેર કરવાનું બંધ કરી દેવામાં આવતા જ જાણે ભ્રષ્ટ ડ્રાઈવર કંડક્ટરોને બેફામ છૂટો દોર મળી ગયો હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે ત્યારે સવાલ એ ઉદભવે છે કે જવાબદાર અધિકારીઓ આ વાયરલ વીડિયોની ગંભીરતાથી નોંધ લઈને કંડક્ટર સામે કાયદેસરની અને યોગ્ય શિક્ષાત્મક કાર્યવાહી ક્યારે કરશે અને સિટી બસ સેવાના કાયમી લાભ લેતા સામાન્ય શહેરીજનોને આ રોજિંદા ભ્રષ્ટાચારમાંથી ક્યારે મુક્તિ મળશે તે એક મોટો પ્રશ્ન બની ગયો છે.